પ્રકાશન નં. ૨૭૮

"મારી વાતો પહોંચાડો, ભલેને એક જ વાત હોય !"
(હદીસ શરીફ)

તોહફ-એ-દુન્યા વ આખિરત

(ભાગ-૧)

(મહાન ફઝીલતવાળા કલિમાત, દુરૂદ શરીફ અને દુઆઓ)

નવા વધારા સાથે

મકબૂલ અને મખ્સૂસ વઝાઈફ

: પુનરવલોકન :
(મવલાના) હસન ભડકોદ્રવી (સા.)

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદનગર,
મુ. પો. કંથારીઆ-૩૯૨૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજ.-ઈન્ડિયા).

તોહફ-એ-દુન્યા વ આખિરત (ભાગ-૧)

નવા વધારા સાથે (સંવર્ધિત આવૃત્તિ)

પ્રકાશન નં. : ૨૭૮

પ્રત : ૨૧૦૦

આવૃત્તિ : છઠ્ઠી (વધારા સહિત)

હિજરી સન : ૧૪૩૭

ઈસ્વી સન : ૨૦૧૬

કિંમત :

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ,
મહમૂદનગર, મુા. પો. **કંથારીઆ**-૩૯૨ ૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજરાત-ઈન્ડિયા)

PUBLICATION DEPARTMENT:
DARUL ULOOM BHARUCH, MAHMOODNAGAR
AT & PO. KANTHARIA, DIST. BHARUCH (GUJ)
PIN : 392 015, INDIA

અનુક્રમણિકા

બિસ્મિહી તઆલા

✪ પ્રકરણ–૧ ✪

બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા કલિમાત (બુનિયાદ)

(૧) કલિમ–એ તય્યિબહ

[પહેલો કલિમહ પાકીનો]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

[**અર્થ :** અલ્લાહ તઆલાના સિવાય કોઈ પણ ઈબાદત કરવાને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના રસૂલ છે.]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહ

ફઝીલતો :

(૧) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે જે માણસ દરરોજ ૧૦૦ (એક સો) વખત ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' પઢશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેને એવી હાલતમાં ઉઠાવશે કે તેનો ચહેરો રોશન, ચમકદાર અને ખૂબસૂરત હશે, જાણે ચૌદમી રાતનો ચાંદ. જે માણસ આ મુબારક કલિમહને દિવસે ૧૦૦ વખત પઢશે તો તે દિવસે તેનાથી અફઝલ (અને સારા) અમલવાળો તે જ માણસ હશે, જે એના કરતાં વધારે વખત આ મુબારક કલિમહને પઢયો હશે. *(ફઝાઈલે આ'માલ)*

(૨) જે માણસ આ મુબારક કલિમહને દિવસે યા રાતે એક વખત પણ પઢશે તો અલ્લાહ તઆલા તેના તે દિવસના ગુનાહોને માફ ફરમાવી દેશે તથા તે ગુનાહોને અલ્લાહ તઆલા નેકીઓમાં બદલી નાખશે.

(ફઝાઈલે આ'માલ)

(૩) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરશાદ છે કે કલિમએ તય્યિબહ અફઝલ ઝિક્ર છે. *(તિરમિઝી)*

(૪) જ્યારે કોઈ બંદો **''લા ઈલા–હ ઈલ્લલ્લાહ''** કહે છે તો તેના માટે જન્નતનાં દરવાજા ઉઘડી જાય છે અને એ કલિમો સીધો અર્શે ઈલાહી સુધી પહોંચી જાય છે; પરંતુ શર્ત એ છે કે એ કલિમાનો પઢનાર કબીરા (મોટા) ગુનાહોથી બચતો રહે. *(તિરમિઝી શરીફ)*

(૫) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' સઘળી ઝબાની નેકીઓમાં અફઝલ છે. *(અહમદ)*

(૬) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' વડે પોતાના ઈમાનને તાજું કરતા રહો. સાતેવ આસમાન અને જમીન પણ આ કલિમહના વજનનાં મુકાબલામાં હલકાં છે. *(નસાઈ)*

(૭) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ''થી વધીને બીજો કોઈ અમલ નથી અને આ કલિમહ કોઈ ગુનાહને બાકી છોડતો નથી. *(ઈબ્ને માજહ)*

(૮) જેનું અંતિમ વાકય ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' હશે તે જન્નતમાં દાખલ થશે. *(અબૂ દાવૂદ શરીફ)*

(૯) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ''નો ઈક્રરાર કરવું જન્નતની ચાવીઓ છે. *(ફઝાઈલે આ'માલ)*

(૧૦) અર્શે ઈલાહીની સામે નૂરનો એક સુતૂન (થાંભલો) છે. જ્યારે કોઈ માણસ ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' કહે છે ત્યારે તે સુતૂન (થાંભલો) હાલવા લાગે છે. અલ્લાહ પાકનો ઈરશાદ થાય છે કે થોભી જા. થાંભલો (સુતૂન) અર્ઝ કરે છે કે કેમ કેમ થોભું ? હાલાં કે કલિમ–એ તય્યિબહ પઢવાવાળાની હજી મગફિરત નથી થઈ ! અલ્લાહ પાકનો ઈરશાદ થાય છે

કે સારું, મેં એ પઢવાવાળાની મગફિરત કરી દીધી ત્યારે તે સુતૂન (થાંભલો) થોભી જાય છે. *(ફઝાઈલે આ'માલ)*

(૧૧) ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' પઢવાવાળાને ન કબ્રમાં વહ્શત (બીક) હશે અને ન મેદાને મેહશરમાં બીક હશે. *(ફઝાઈલે આ'માલ)*

(૧૨) જે માણસ એ હાલતમાં મરે કે ''લા ઈલા–હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ''ની સાચા દિલથી ગવાહી આપતો હોય તો તે માણસ જરૂરથી જન્નતમાં દાખલ થશે. બીજી હદીષમાં છે કે જરૂર એ માણસની અલ્લાહ પાક મગફિરત ફરમાવશે. *(ફઝાઈલે આ'માલ)*

(૧૩) મરનારાઓને ''લા ઈલા–હ ઇલ્લલ્લાહ''ની તલકીન કરતા રહો. *(મુસ્લિમ શરીફ)*

(૨) કલિમ–એ શહાદત

[બીજો કલિમહ ગવાહીનો]

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ
مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

અશ્હદુ અંલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વ રસૂલુહ.

[**અર્થ :** હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે.]

ફઝીલતો :

(૧) જે માણસ સારી રીતે વુઝૂ કરે (એટલે કે સુન્નતો અને આદાબનો

ખ્યાલ રાખીને) પછી આ કલિમો પઢે તો તે પઢનારનાં માટે જન્નતનાં આઠે આઠ દરવાજા ખુલી જાય છે. જે દરવાજેથી દિલ ચાહે તે દરવાજાથી જન્નતમાં દાખલ થાય.

ફાયદો : જન્નતમાં દાખલ થવા માટે તો ફક્ત એક દરવાજો પણ બસ (કાફી) છે. પછી આઠે આઠ દરવાજાઓનું ખુલી જવું એ માણસના એઝાઝ–ઈકરામના તોર પર છે. *(ફઝાઈલે આ'માલ)*

(૨) જે માણસ અઝાન સાંભળ્યા પછી આ દુઆ પઢે :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ، رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِمُحَمَّدٍ رَسُوْلًا وَّبِالْاِسْلَامِ دِيْنًا ط

અર્થ: હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તે એક છે, તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે. હું અલ્લાહના પરવરદિગાર હોવાથી રાજી છું અને મેં મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને રસૂલ તરીકે પસંદ કર્યા. અને હું ઈસ્લામના દીન (ધર્મ) હોવાથી ખુશ છું.

–તો એ માણસનાં ગુનાહો માફ કરવામાં આવે છે.

(મુસ્લિમ, તિરમિઝી શરીફ)

(3) કલિમ–એ તમજીદ

[ત્રીજો કલિમહ બુઝુર્ગીનો]

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ

اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.

[**અર્થ :** અલ્લાહ તઆલાની ઝાત પાક છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને માટે જ છે અને અલ્લાહ તઆલાના સિવાય કોઈ ઈબાદત (બંદગી)ને લાયક નથી અને અલ્લાહ તઆલા ઘણો મોટો છે. નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત; પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.

[**અર્થ :** અલ્લાહ તઆલાની ઝાત પાક છે અને સઘળાં વખાણ અલ્લાહ તઆલા માટે જ છે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને અલ્લાહ તઆલા ઘણો મોટો છે.]

ઉપરોક્ત તસ્બીહની ફઝીલત વિવિધ હદીસોમાં નીચે પ્રમાણે આવેલી છે :

(૧) આ ચાર કલિમાત (બોલ) અલ્લાહ તઆલાને સૌથી વધુ પ્યારા છે.

(૨) આ ચારેવ કલિમાતને જે માણસ પઢતો રહેશે, તેના માટે આ કલિમાતના પ્રત્યેક અક્ષરના બદલામાં દસ નેકીઓ લખાય જશે.

(૩) હુઝૂર રસૂલે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું; આ ચાર કલિમાતનું પઢવું, દરેક તે વસ્તુથી મને વધુ પસંદ છે, જેના પર સૂરજ ઊગે છે. (એટલે કે, દુનિયા અને દુનિયામાંની બધી જ વસ્તુઓથી મહબૂબ છે.)

(૪) કુર્આન મજીદ પછી આ સૌથી અફઝલ કલામ છે અને હકીકતમાં તો આ કુર્આનના જ કલિમાત છે.

(૫) જન્નતની માટી ઘણી જ ઉમદા છે અને પાણી ઘણું જ મીઠું. જન્નત એક ખાલી મેદાન છે અને એના છોડવા આ ચાર કલિમાત જ હોય છે. (જે માણસ જેટલા વધુ પ્રમાણમાં એને પઢતો રહે છે, એટલા જ પ્રમાણમાં એની જન્નત હરિયાળી અને લીલીછમ રહે છે.)

(૬) એના પ્રત્યેક કલિમહના બદલામાં તમારા માટે એક છોડ રોપી દેવામાં આવે છે.

(૭) જહન્નમથી બચવા માટે ઢાલ સંભાળી લો. એટલે કે આ ચારેવ કલિમાતને પઢતા રહો, કારણ કે આ કલિમાત (પોતાના પઢનારની) ડાબી અને જમણી બાજુથી, આગળ અને પાછળથી (દરેક બાજુએથી બચાવવા માટે) આવશે અને આ જ બાકી રહેનાર નેકીઓ છે.

(૮) દરેક તસ્બીહ (સુબ્હાનલ્લાહ) સદકો (સવાબકારક) છે. દરેક તહમીદ (અલ્હમ્દુ લિલ્લાહ) સદકો છે. દરેક તહલીલ (લા ઈલા–હ ઈલ્લલ્લાહ) સદકો છે અને દરેક તકબીર (અલ્લાહુ અકબર) સદકો છે.

(૯) બેશક, અલ્લાહ તઆલાએ પોતાના કલામ (કુર્આનમાંથી) આ ચાર કલિમા પસંદ ફરમાવ્યા છે.

(૧૦) એક વખતે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : શું તમારામાંથી દરેક માણસ દર રોજ ઉહુદ પહાડ બરાબર અમલ કરવાથી લાચાર અને મજબૂર છે? સહાબએ કિરામ (રદિ.)એ અરજ ગુઝારી; યા રસૂલલ્લાહ ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એટલો અમલ તો વળી કોણ કરી શકે છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું; સુબ્હાનલ્લાહ ઉહુદથી ઘણો મોટો છે. લા ઈલા–હ ઈલ્લલ્લાહ પણ ઉહુદથી ઘણો મોટો છે.

અલ્હમ્દુલિલ્લાહ ઉહુદથી ઘણો મોટો છે. એ જ પ્રમાણે અલ્લાહુ અકબર પણ ઉહુદથી ઘણો મોટો છે.

(૧૧) સો (૧૦૦) વાર ''સુબ્હાનલ્લાહ'' પઢવું હઝરત ઇસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી સો ગુલામ આઝાદ કરવા બરાબર છે. સો વખત ''અલ્હમ્દુલિલ્લાહ'' પઢવું સો જીન (પલાણ) કસેલા અને લગામ પહેરાવેલા ઘોડાઓ બરાબર છે, જેમના પર જિહાદ માટે (ગાઝીઓને) સવાર કરવામાં આવે. સો વાર ''અલ્લાહુ અકબર'' પઢવું ખુદાને ત્યાં એવા સો મકબૂલ ઊંટોના (સવાબ) બરાબર છે, (જેમને મક્કામાં ઝુબહ કરવામાં આવે) અને ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'' તો જમીન અને આસમાન વચ્ચેની ફિઝા (અવકાશ)ને ભરી આપે છે. *(ફઝાઈલે આ'માલ)*

(૧૨) હઝરત અનસ બિન માલિક (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ૧૦૦ વખત ''લા ઈલા–હ ઈલ્લલ્લાહ'', ૧૦૦ વખત ''સુબ્હાનલ્લાહ'' અને ૧૦૦ વખત ''અલ્લાહુ અકબર'' જે માણસ પઢશે તેને દસ (૧૦) ગુલામ આઝાદ કરવાનો અને સાત (૭) ઊંટ કુર્બાની કરવાનો સવાબ મળશે. *(ઈબ્ને અબીદુન્યા)*

(૧૩) હઝરત અબૂ દરદાઅ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા–હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' પઢયા કરો. એ શબ્દો ''બાકીયાતુસ્સાલિહાત''માંથી છે. જેમ ઝાડોના સૂકા પાંદડાં ખરી પડે છે તેમ તેના પઢનારનાં ગુનાહો માફ થઈ જાય છે. એ શબ્દો જન્નતનાં ખઝાનાઓમાંથી છે. *(ઈબ્ને માજહ)*

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ.

(**અર્થ :** નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત, પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.)

મહાન ફઝીલતો :

(૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ (રદિ.) ફરમાવે છે કે અમે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સાથે એક સફરમાં હતા. આપે મને સંબોધીને ફરમાવ્યું કે હે અબ્દુલ્લાહ ! શું હું તમને જન્નતના ખઝાનાઓમાંથી એક ખઝાનો ન બતાવું ? મેં અરજ કરી : જરૂર બતાવો તો આપે ફરમાવ્યું;

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ ط

(**અર્થ :** નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત; પરંતુ અલ્લાહ તઆલાને જ.) *(બુખારી, મુસ્લિમ શરીફ)*

(૨) હઝરત કૈસ ઈબ્ને સઅદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે શું તમને જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો બતાવું ? મેં અરજ કરી, જરૂર બતાવો. આપે ફરમાવ્યું કે આપ ઉપરોક્ત કલિમો પઢતા રહો.

(૩) હઝરત હાઝિમ ઈબ્ને હરમલા અસ્લમી (રદિ.) ફરમાવે છે કે હું નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસેથી પસાર થયો. આપે ફરમાવ્યું, હે હાઝિમ ! ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' વિપુલ પ્રમાણમાં પઢતા રહો, કારણ કે આ કલિમા જન્નતનાં ખઝાનાઓમાંથી છે. *(તિરમિઝી)*

(૪) હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' વિપુલ (ઘણા) પ્રમાણમાં પઢતા રહો, કારણ કે આ જન્નતના ખઝાનાઓમાંથી છે. *(તિરમિઝી, મિશ્કાત : ૫/૧૨૦)*

આ કલિમહના ચાર ફાયદા :

ફાયદો –૧ : આ કલિમહ : લા હવ્લ વલા કુવ્વ–ત... અર્શની નીચેના જન્નતનો ખઝાનો છે અને જન્નતની છત અર્શે ઈલાહી છે. એને પઢવાથી નેક આ'માલ કરવાની અને ગુનાહોથી બચવાની તવફીક થાય છે. આ અર્થમાં એ જન્નતનો ખઝાનો છે.

ફાયદો–૨ : આ કલિમહ ૯૯ (નવ્વાણું) બીમારીઓની દવા છે, જે પૈકી સૌથી અદના અને નાની બીમારી ગમ (ફિકર) છે. જેનાથી માનવ શરીર ગળી જાય–ઓગળી જાય. અરબીમાં એને 'હમ' કહે છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' (દુનિયા અને આખિરત)ની ૯૯ (નવ્વાણું) બીમારીઓની દવા છે, જેમાંથી સૌથી અદના બીમારી ગમ (ફિકર) છે. ચાહે તે ગમ (ફિકર) દુનિયાની હોય અથવા આખિરતની હોય.) *(મિશ્કાત ૫/૧૨૧)*

ફાયદો–૩ : જ્યારે બંદો આ કલિમહ પઢે છે તો અલ્લાહ તઆલા અર્શ પર ફરિશ્તાઓને ફરમાવે છે કે મારો બંદો ફરમાંબરદાર (આજ્ઞાધીન) બની ગયો અને તેણે સરકશી યા નાફરમાની છોડી દીધી.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, શું હું તમને એવો ખઝાનો ન બતાવું જે અર્શની નીચે જન્નતનો ખઝાનો છે. તે ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' છે. જ્યારે બંદો તેને પઢે છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે છે કે ''અસ્લ–મ અબ્દી વસ્તસ્લ–મ'' અર્થાત્, મારો બંદો સંપૂર્ણ તાબેદાર બની ગયો અને તેણે સરકશી (અવજ્ઞા) છોડી દીધી તથા મારા બંદાએ દુન્યા અને આખિરતના તમામ રંજગમ મને સોંપી દીધા.

(મિશ્કાત–મિરકાત ૫/૧૨૧–૧૨૨)

આ નેઅમત શું ઓછી છે કે બંદો જમીન પર આ કલિમહ પઢે અને અલ્લાહ તઆલા અર્શ પર ફરિશ્તાઓના સમૂહમાં એનો ઉલ્લેખ ફરમાવે છે. અલ્લામહ તયબી (રહ.) ફરમાવે છે કે હદીસમાં આવેલા શબ્દો ઈસ્લામ અને ઈસ્તિસ્લામનો ભાવાર્થ આ છે કે મારા બંદાએ કાયનાતની તમામ

બાબતો મને સુપ્રત કરી દીધી અને ઈખ્લાસ સાથે પોતાના નફસને પણ મારા તાબે કરી દીધો.

ફાયદો–૪ : આ કલિમહ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો પયગામ અને વસિય્યત છે, જે આપે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને મેઅરાજની રાતે ઈર્શાદ ફરમાવ્યો હતો.

મેઅરાજની રાતે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પાસેથી પસાર થયા તો આપે ફરમાવ્યું કે હે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આપ પોતાની ઉમ્મતને હુકમ ફરમાવી **દો કે ''લા-હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' વડે જન્નતના બાગોને વધારી લે.** *(મિરકાત ૫/૧૧૧)*

આ કલિમહને પઢવાથી વસિય્યતે ઈબ્રાહીમી પર અમલ કરવાની સઆદત પણ નસીબ થશે અને એની બરકતથી જન્નતનાં બાગોમાં પણ વધારો થશે.

આ કલિમહને જન્નતનો ખઝાનો કહેવાનાં કારણો :

(૧) આ કલિમહ ખઝાનાની માફક લોકોની નજરથી અદશ્ય અને મહફૂઝ હતો અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દ્વારા આપવામાં આવ્યો.

(૨) અથવા આ કારણે કે આ કલિમહ જન્નતનાં ભંડારોમાંથી છે.

(૩) અથવા આ કારણે કે જન્નતની ઉમદા–ઉમદા નેઅમતોને હાસિલ કરાવનાર છે.

(૪) અલ્લામહ નવવી (રહ.) ફરમાવે છે કે એ કારણે આ જન્નતનો ખઝાનો છે કે આ કલિમહ પઢનારનાં માટે જન્નતમાં ઉમદા સવાબનો ખઝાનો જમા કરે છે. *(શર્હે મિરકાત)*

સઘળાં ગુનાહોથી માફી :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો કે પૃથ્વી (જમીન) પર

ચાલનારો કોઈ પણ માણસ જ્યારે આ નીચેના કલિમહ પઢે છે તો તેના તમામ સગીરહ (નાના) ગુનાહો માફ થઈ જાય છે. ચાહે તે સમંદરના કાંપ બરાબર કેમ ન હોય :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ
وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

(અર્થ : અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને અલ્લાહ ઘણો મોટો છે અને નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત; પરંતુ અલ્લાહ તઆલાને જ.) *(તિરમિઝી શરીફ–નસાઈ)*

(૪) કલિમ–એ તવહીદ

[ચોથો કલિમહ તવહીદનો]

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ،
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ મુલ્કુ વ લહુલ હમ્દુ યુહ્યી વ યુમીતુ બિયદિહિલ ખય્રુ વ હુ-વ અલા કુલ્લિ શય્ઇન કદીર.

[**અર્થ :** અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તે એક છે; તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, તેની જ બાદશાહી છે અને તમામ પ્રકારની તારીફ તેના જ માટે છે, તે જ જિવાડે છે અને તે જ મારે છે (અને)

તેના જ કબજામાં દરેક પ્રકારની ભલાઈ છે અને તે દરેક ચીઝ કરવા શક્તિમાન છે.]

ફઝીલતો : (૧) જે માણસ ઉપરના કલિમહને દસ વાર પઢશે તો એને એવો સવાબ મળે છે કે જેમ એણે હઝરત ઇસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંના દસ (૧૦) ગુલામો આઝાદ કર્યા. *(બુખારી શરીફ)*

સય્યિદના ઇસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી કોઈને ગુલામ બનાવી લેવામાં આવ્યો હોય તો એ સાફ વાત છે કે એવા ખાનદાની ગુલામને આઝાદ કરવાનો સવાબ પણ સૌથી વધુ હશે.

(૨) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સહાબાઓમાંથી બે સહાબી રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જ્યારે કોઈ બંદો એ કલિમહને સાચા દિલે અને શુદ્ધ ભાવે પઢે છે તો અલ્લાહ તઆલાની કુદરતની નજર આકાશોને ચીરતી એની તરફ પહોંચે છે અને ખુદાવંદે કરીમ રહમતના સાથે, રહમતની નજરે એ બંદા તરફ જુએ છે તો એના પર એ હક થઈ જાય છે કે એ બંદો જે કંઈ માંગે તે એને આપી દેવામાં આવે. *(નસાઈ)*

(૩) હઝરત અમ્ર બિન શોએબ (રદિ.)ની રિવાયતમાં છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સરસ દુઆ તે છે જે અરફાના દિવસે હજના મેદાનમાં માંગવામાં આવે અને બેહતરીન કલિમહ આ છે, એ કલિમહ માત્ર મેં જ શીખવ્યો છે એમ નથી, બલકે મારા પહેલાનાં પયગમ્બરો પણ એ કલિમહની તાલીમ આપતા રહેતા હતા. *(તિરમિઝી શરીફ)*

એટલે કે ''લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરી–ક લહુ....'' છેવટ સુધી.

(૫) કલિમ–એ રદ્દિ કુફ્ર

[પાંચમો કલિમહ કુફ્રને રદ કરવાનો]

اَللّٰھُمَّ اِنِّیۡ اَعُوۡذُبِکَ مِنۡ اَنۡ اُشۡرِکَ بِکَ شَیۡـًٔا وَّاَنَا اَعۡلَمُ بِہٖ وَاَسۡتَغۡفِرُکَ لِمَا لَا اَعۡلَمُ بِہٖ تُبۡتُ عَنۡہُ وَتَبَرَّأۡتُ مِنَ الۡکُفۡرِ وَالشِّرۡکِ وَالۡمَعَاصِیۡ کُلِّھَا اَسۡلَمۡتُ وَاٰمَنۡتُ وَاَقُوۡلُ لَآ اِلٰہَ اِلَّا اللّٰہُ مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰہِ ط

અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુ બિ-ક મિન અન ઉશ્રિ-ક બિ-ક શય્અંવ્ વ અ-ન અઅ્લમુ બિહી વ અસ્તગ્ફિરુ-ક લિમા લા અઅ્લમુ બિહી તુબ્તુ અન્હૂ વ તબર્રઅ્તુ મિનલ કુફ્રિ વશિર્કિ વલ મઆસી કુલ્લિહા અસ્લમ્તુ વ આમન્તુ વ અકૂલુ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

[**અર્થ :** હે અલ્લાહ ! હું તારી પનાહ માગું છું જાણીબુઝીને કોઈ ચીઝને તારી સાથે શરીક બનાવવાથી અને અજાણપણે (શિર્ક યા કોઈ ગુનાહ) થઈ જાય તો તેનાથી હું તારી માફી માગું છું (અને) એનાથી તવબા કરું છું અને હું બેઝાર થાઉં છું કુફ્ર, શિર્ક અને બધાં જ ગુનાહોથી. હું તારો તાબેદાર

બની ગયો અને હું ઈમાન લઈ આવ્યો અને હું સાચા દિલે ઈકરાર કરું છું કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના રસૂલ છે.]

શિર્ક ઘણું જ ગુપ્ત હોય છે, કારણ કે તે અંધારી રાતમાં કાળા પથ્થરપર કાળી કીડીની રફતારથી પણ વધુ બારીક છે. અર્થાત્ જેવી રીતે અંધારી રાતમાં કાળા પથ્થર પર કાળી કીડી ચાલતી હોય તે દેખાતી નથી એનાથી પણ વધુ ગુપ્ત રીતે શિર્ક દિલમાં દાખલ થઈ જાય છે અને એનાથી ઘણા ઓછા લોકો બચી શકે છે. શક્તિશાળી એટલે કે ઉમ્મતના ખાસ લોકો પણ બચી શકતા નથી તો કમઝોર ઈમાન ધરાવનારા લોકોનાં તો શું હાલ હશે ? *(મિરકાત ૧૦/૭૦)*

ફઝીલત : મજકૂર કલિમહને મા'મૂલ બનાવનારાઓ માટે શિર્કથી નજાતની ઝમાનત છે અને ઈખ્લાસની દૌલતથી માલામાલ થવાની બશારત છે

● ● ●

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

✪ પ્રકરણ—૨ ✪

બેહિસાબ સવાબ અને ફઝીલતવાળા દુરૂદ શરીફ

[૧]

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا
هُوَ اَهْلُهٗ ط

[**અર્થ :** અલ્લાહ તઆલા બદલો આપે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જે બદલો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના શાનને લાયક હોય.]

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો સિત્તેર (૭૦) ફરિશ્તાઓ એક હજાર (૧૦૦૦) દિવસ સુધી તે માણસના નામ—એ—આ'માલમાં સવાબ લખતાં લખતાં થાકી જશે. *(ફઝાઈલે આ'માલ)*

[૨]

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا
بِمَا هُوَ اَهْلُهٗ

[**અર્થ :** હે અલ્લાહ તઆલા ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અમારા તરફથી એવી રહમત નાઝિલ ફરમાવ કે

જે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના મરતબાને લાયક હોય.]

(અનવારુદ્ દુઆ)

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો ખરેખર સિત્તેર (૭૦) જેટલા ફરિશ્તાઓ એક હજાર (૧,૦૦૦) દિવસ સુધી તેનો સવાબ લખતાં લખતાં થાકી જશે. *(તબરાની)*

[3]

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا صَلَّى اللّٰهُ
عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ ط

[**અર્થ :** અલ્લાહ તઆલા અમારા તરફથી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને એવો બદલો આપે જે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શાનને લાયક હોય.]

ફઝીલત : ઈમામ શોઅરાની (રહ.) પોતાની કિતાબ ''કશફુલ ગમ્મહ''માં ફરમાવે છે કે જનાબ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે કોઈ માણસ ઉપરના દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો સિત્તેર (૭૦) ફરિશ્તાઓ તે માણસના નામ–એ આ'માલમાં સવાબ લખતાં–લખતાં થાકી જશે. *(કશફુલ ગમ્મહ)*

નોંધ : આગળની કિતાબ ''શવકે આખિરત'' તથા પરચાઓમાં ભૂલથી એક હજાર દિવસને બદલે એક હજાર (૧,૦૦૦) વર્ષ છપાય ગયું હતું. માટે અલ્લાહ તઆલા છપાવનારની આ ભૂલને માફ કરે. સહીહ ફઝીલત ૧,૦૦૦ (એક હજાર) દિવસવાળી ફઝીલત છે.

[૪]

માફી માટેનું દુરૂદ શરીફ :

لَآاِلٰهَ اِلَّااللّٰهُ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ ط

[**અર્થ :** અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી (બંદગીને લાયક નથી). હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ.]

ફઝીલત : જે કોઈ આ દુરૂદ શરીફને આ કલિમહ સાથે પઢશે તો તેના બધા ગુનાહો માફ થઈ જશે. આ કલિમહ એક લીલા રંગનાં પક્ષી જેવો દેખાય છે, જેની બે પાંખો હોય છે. તેની પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ જેટલા વિસ્તારને ઢાંકી દે છે. આ પક્ષીનો અવાજ વીજળી જેવો હોય છે અને તે અવાજ જન્નતમાં જ્યાં અલ્લાહ તઆલાનો અર્શ–અર્શે મુઅલ્લહ છે ત્યાં સંભળાય છે. અલ્લાહ તઆલા પક્ષીને ખામોશ રહેવાનું કહે છે; પરંતુ પક્ષી કહે છે કે હું શા માટે ખામોશ રહું ? મને પઢનારની બખ્શિશ થઈ નથી. આ પ્રમાણે અલ્લાહ તઆલાના અને પક્ષીના ત્રણ વખત સવાલ–જવાબ થાય છે. છેવટે અલ્લાહ તઆલા ફરમાવે છે કે જા; તને પઢનારની મેં (અલ્લાહ તઆલાએ) બખ્શિશ કરી દીધી. ત્યાર બાદ પક્ષી ખામોશ થઈ જાય છે. *(મુનાસિરુલ હસનાત)*

[૫]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ

وَاَوْلَادِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
وَاَصْهَارِهٖ وَاَنْصَارِهٖ وَاَشْيَاعِهٖ وَاُمَّتِهٖ وَعَلَيْنَا
مَعَهُمْ اَجْمَعِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

[**અર્થ :** ખાસ રહમત નાઝિલ ફરમાવ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ પર અને આપના સહાબા (રદિ.) પર અને આપની પવિત્ર બીવીઓ (રદિ.) પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના નસલની સઘળી અવલાદ પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના અહલે બૈત પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના દામાદો (જમાઈઓ) પર અને આપના મદદગારો પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સાથીઓ પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઉમ્મત પર અને એમની સાથે અમારા સૌ પર.]

ફઝીલત : હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે જે માણસ ''હૌઝે કવસર''નો (જે હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો હૌઝ છે તે) લબરેઝ જામ પીવા ચાહતો હોય તો તેને જોઈએ કે આ દુરૂદ શરીફને પઢતો રહે. *[હઝરત હસન બસરી (રહ.)]*

[૬]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ عَدَدَ مَنْ
صَلّٰى عَلَيْهِ مِنْ خَلْقِكَ وَصَلِّ عَلٰى مُحَمَّدِ
النَّبِيِّ كَمَا يَنْبَغِيْ لَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ

وَصَلِّ عَلٰى مُحَمَّدِ النَّبِيِّ كَمَا
اَمَرْتَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ ط

[**અર્થ :** અય અલ્લાહ ! તારી ખાસ રહમત હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર ઉતાર એટલી ગણતરીમાં કે જેટલી ગણતરીમાં તારી મખ્લૂકે તેમના (મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઉપર દુરૂદ મોકલ્યા છે. જે પ્રમાણે દુરૂદ મોકલવું અમારા માટે યોગ્ય હોય અને તારી ખાસ રહમત એવી રીતે ઉતાર, એ પ્રમાણે કે જે પ્રમાણે તેં અમને તેઓ પર દુરૂદ મોકલવાનો હુકમ આપ્યો છે.]

ફઝીલત : જે માણસ ઉપરના દુરૂદ શરીફને દરરોજ સવારે દસ (૧૦) વખત પઢશે તો તે માણસ તેના કારણે તમામે તમામ મખ્લૂકના અમલોના જેટલો સવાબ હાસિલ કરે છે. (ઈન્સાનો, જિન્નાતો, ફરિશ્તાઓ, પશુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, માછલીઓ, ઝાડો, તારાઓ વગેરે.) *(દુર્રે મન્સૂર)*

[૭]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ النَّبِيِّ
الْاُمِّيِّ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِكْ وَسَلِّمْ
صَلٰوةَ الرِّضٰى وَارْضَ عَنْ اَصْحَابِهٖ
رَضَاءَ الرِّضٰى ط

[**અર્થ :** હે અલ્લાહ ! અમારા નબીએ ઉમ્મી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તેમની આલ પર, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સહાબાઓ પર રહમત અને સુકૂન–શાંતિ નાઝિલ ફરમાવ. તારી

રઝામંદી મુતાબિક આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સહાબાઓ પર સુકૂન–શાંતિ નાઝિલ ફરમાવ.]

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવાનો સવાબ સાત હજાર (૭,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર છે. *(દલાઈલુલ ખયરાત)*

[૮]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
عَدَدَ مَا فِيْ عِلْمِ اللّٰهِ صَلٰوةً دَائِمَةً
بِدَوَامِ مُلْكِ اللّٰهِ ط

[**અર્થ :** હે અલ્લાહ તઆલા ! તું અમારા સરદાર હઝરત મુહમ્મદ (સલ.) પર દુરૂદ મોકલ (રહમત નાઝિલ ફરમાવ, એટલી સંખ્યામાં કે જે તારા ઈલ્મમાં છે) એવું દુરૂદ કે જે હંમેશા રહે અલ્લાહ તઆલાના મુલ્કના હંમેશા રહેવાની સાથે.]

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવાનો સવાબ ૧૨,૦૦૦ (બાર હજાર) દુરૂદ શરીફ પઢવા બરાબર છે. *(દલાઈલુલ ખયરાત)*

[૯]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا
مُحَمَّدٍ مَّا اخْتَلَفَ الْمَلَوَانِ وَ

تَعَاقَبَ الْعَصْرَانِ وَكَرَّرَ الْجَدِيْدَانِ
وَاسْتَقْبَلَ الْفَرْقَدَانِ وَبَلِّغْ رُوْحَهٗ
وَاَرْوَاحَ اَهْلِ بَيْتِهٖ مِنَّا اَلتَّحِيَّةَ
وَالسَّلَامَ وَبَارِكْ وَسَلِّمْ عَلَيْهِ كَثِيْرًا ط

(روح البیان، ج۷)

ફઝીલત : ઉપરોક્ત દુરૂદ શરીફ દુરૂદે મલવાનને એક વખત પઢવાથી દસ હજાર (૧૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળશે. સૂવાથી પહેલાં ત્રણ વખત અને સૂઈને ઉઠવા પછી ત્રણ વખત પઢવાથી ૬૦,૦૦૦ (સાઠ હજાર) દુરૂદ શરીફ પઢવાનો સવાબ તે પઢનારને મળશે, ઇન્શાઅલ્લાહ.
(તફસીરે રૂહુલ બયાન)

[૧૦]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ اِلنَّبِيِّ
الْاُمِّيِّ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِكْ وَسَلِّمْ
بَحْرِ اَنْوَارِكَ وَمَعْدَنِ اَسْرَارِكَ وَلِسَانِ
حُجَّتِكَ وَعُرُوْسِ مَمْلَكَتِكَ وَطِرَازِ
مُلْكِكَ وَخَزَائِنِ رَحْمَتِكَ وَطَرِيْقِ

شَرِیْعَتِکَ الْمُتَلَذِّذِ بِتَوْحِیْدِکَ اِنْسَانِ
عَیْنِ الْوُجُوْدِ وَالسَّبَبِ فِیْ کُلِّ مَوْجُوْدٍ
عَیْنِ اَعْیَانِ خَلْقِکَ الْمُتَقَدَّمِ مِنْ نُّوْرِ
ضِیَائِکَ صَلٰوۃً تَدُوْمُ بِدَوَامِکَ وَتَبْقٰی
بِبَقَائِکَ لَا مُنْتَھٰی لَہٗ دُوْنَ مَشِیَّتِکَ
صَلٰوۃً تُرْضِیْکَ وَتُرْضِیْهِ وَتَرْضٰی بِھَا عَنَّا
یَارَبَّ الْعَالَمِیْنَ ط

ફઝીલત : ઉપરના દુરૂદ પઢવાનો સવાબ સિત્તેર હજાર (૭૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર છે. (દલાઈલુલ ખયરાત)

[૧૧]

દુરૂદે "સલાતુલ બીર"

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَاوَمَوْلَانَا
مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ سَیِّدِنَا مُحَمَّدٍ
صَلٰوۃً دَائِمَۃً مَقْبُوْلَۃً تُؤَدِّیْ بِھَا

عَنَّا حَقَّهُ الْعَظِيْمَ ؕ

ફઝીલત : ''સલાતુલ બીર'' ઘણી જ ફઝીલતવાળું દુરૂદ શરીફ છે. આ દુરૂદ શરીફની જાણકારી કદાચ જ લાખોમાંથી કોઈ એકને હશે. આ ''સલાતુલ બીર''ને કારણે જ ''દલાઈલુલ ખયરાત''ના લેખકે ''દલાઈલુલ ખયરાત'' લખી છે. *(દલાઈલુલ ખયરાત)*

[૧૨]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا فِىْ عِلْمِ اللّٰهِ
صَلٰوةً دَائِمَةً بِدَوَامِ مُلْكِ اللّٰهِ ؕ

ફઝીલત : જે કોઈ માણસ ઉપરના દુરૂદ શરીફને એક વખત પણ પઢશે તો તેને આખી ''દલાઈલુલ ખયરાત'' પઢવા બરાબર સવાબ મળશે.

(દલાઈલુલ ખયરાત)

[૧૩]

ઈમાનની સલામતી માટેનું દુરૂદ શરીફ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا

مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ
بِعَدَدِ كُلِّ حَرْفٍ جَرٰى بِهِ الْقَلَمُ ط

ફઝીલત : જે કોઇ ઉપરનું દુરૂદ શરીફ મગરિબની નમાઝ બાદ, કોઇની સાથે વાત કર્યા વગર દસ વખત પઢશે તો તે માણસ ઈમાનની સલામતી સાથે મૃત્યુ પામશે. (હુબ્બે નસીમ)

[૧૪]

સિફારિશ માટેનું દુરૂદ શરીફ

اَللّٰهُمَّ اَعْطِ سَيِّدَنَا مُحَمَّدَ نِالْوَسِيْلَةَ
وَاجْعَلْ فِى الْمُصْطَفَيْنَ مَحَبَّتَهٗ وَفِى
الْعَالَمِيْنَ دَرَجَتَهٗ وَفِى الْمُقَرَّبِيْنَ دَارَهٗ ط

ફઝીલત : કોઇ પણ ફર્ઝ નમાઝ બાદ જે કોઇ આ દુરૂદ શરીફ પઢશે તે કિયામતના દિવસે સિફારિશ મેળવશે. (ઝાદુલ મુત્તકીન-પ્રકાશન નં- ૨૪૬)

[૧૫]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمَقْعَدَ
الْمُقَرَّبَ عِنْدَكَ يَوْمَ الْقِيٰمَةِ ط

અર્થ : અય અલ્લાહ ! તારી ખાસ રહમત નાઝિલ ફરમાવ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને કિયામતના દિવસે અને તારી પાસે નઝીદીકીની જગ્યા અતા ફરમાવ.

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફને હંમેશા પઢતો રહેશે તો કિયામતના દિવસે તે માણસ માટે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત વાજિબ થઈ જશે. *(ફઝાઈલે આ'માલ)*

[૧૬]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ صَلٰوةً تَكُوْنُ لَكَ رِضًا
وَّلِحَقِّهٖ اَدَاءً وَّاَعْطِهِ الْوَسِيْلَةَ
وَالْمَقَامَ الَّذِىْ وَعَدْتَّهٗ ط

[**અર્થ :** અય અલ્લાહ ! તારી ખાસ રહમત જે તારી ખૂશનૂદી અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના હકની અદાયગીનું કારણ બને અને અતા કર આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને તે વસીલો અને મકામ જેનો તેં આપનાથી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) વાયદો કર્યો છે.

ફઝીલત : નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ આ દુરૂદ શરીફને પઢશે તેના માટે મારી શફાઅત વાજિબ થશે. એક રિવાયત આ પ્રમાણે પણ જોવામાં આવી છે કે એ દુરૂદ શરીફ પઢવાવાળા પર મારી શફાઅત ઝરૂરી અને લાઝિમી યાને વાજિબ છે.

(દુરૂદો સલામ દારુલ ઉલૂમ—ભરૂચ, કંથારીઆ પ્રકાશન નં. ૨૪૭)

[૧૭]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ النَّبِيِّ الْاُمِّيِّ
وَعَلٰٓى اٰلِ مُحَمَّدٍ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ صَلٰوةً تَكُوْنُ لَكَ رِضًى وَّلَهٗ جَزَاءً وَّلِحَقِّهٖ اَدَاءً
وَّاَعْطِهِ الْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَالْمَقَامَ الْمَحْمُوْدَ
الَّذِىْ وَعَدْتَّهٗ وَاجْزِهٖ عَنَّا مَا هُوَ اَهْلُهٗ وَاجْزِهٖ اَفْضَلَ
مَاجَازَيْتَ بِهٖ نَبِيًّا عَنْ قَوْمِهٖ وَرَسُوْلًا عَنْ اُمَّتِهٖ
وَصَلِّ عَلٰى جَمِيْعِ اِخْوَانِهٖ مِنَ النَّبِيِّيْنَ وَالصَّالِحِيْنَ
يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

[**અર્થ :** અય અલ્લાહ ! તારી ખાસ રહમત નાઝિલ ફરમાવ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ પર. અય અલ્લાહ ! તારી ખાસ રહમત નાઝિલ ફરમાવ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–અવલાદ પર. એવી રહમત જે તારી ખૂશ્નુદીનું અને એમના માટે બદલાનું અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના હકની અદાયગીનું કારણ બને અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અર્પણ કર, તે વસીલો અને ફઝીલત અને મકામે મહમૂદ જેનો તેં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી વાયદો કર્યો છે અને અમારા તરફથી આપને એવો બદલો અર્પણ કર, જેના આપ લાયક હોય અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને બદલો અતા કર એથી વધુ સારો બદલો જે કોઈ નબીને તેમની કોમ તરફ તેં અર્પણ કર્યો છે અને કોઈ રસૂલને પોતાની ઉમ્મત તરફથી બદલો આપ્યો છે અને તારી ખાસ રહમત નાઝિલ કર આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ભાઈ સમાન

બધા નબીઓ પર અને બધા નેક બંદાઓ ઉપર, અય રહમ કરવા— વાળાઓમાં સૌથી વધુ રહમ કરનાર !

ફઝીલત : ઈમામ સખાવી (રહ.)એ ''અલ કવલુલ બદીઅ'' નામની કિતાબમાં ''ઈબ્ને અબી આસિમ''થી મરફૂઅન રિવાયત નકલ કરી છે કે જે માણસ ૭ (સાતેવ) જુમ્આ સુધી દર જુમ્આ (શુક્રવાર)એ સાત વખત ઉપરના દુરૂદ શરીફને પઢશે તો તેને માટે શફીઉલ મુઝનબીન (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત જરૂર થશે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તે માણસની શફાઅત વાજિબ થઈ જશે. *(અલ કવલુલ બદીઅ)*

[૧૮]

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ
کَمَا صَلَّیْتَ عَلٰٓی اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ
اِبْرَاھِیْمَ اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط اَللّٰھُمَّ
بَارِکْ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ کَمَا
بَارَکْتَ عَلٰٓی اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاھِیْمَ
اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط

ફઝીલત : આ દુરૂદ શરીફનું નામ ''દુરૂદે ઈબ્રાહીમ'' છે અને બધાં દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહનાં નેક બંદાઓએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. ''તશહ્હુદ''માં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે. *(ફઝાઈલે દુરૂદ, ફઝાઈલે આ'માલ)*

[૧૯]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّاٰلِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍؕ

[**અર્થ :** હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને તેમની આલ પર હજારો-હજારો રહમત નાઝિલ ફરમાવ.]

ફઝીલત : જે માણસ જુમ્આના દિવસે ઉપર જણાવેલ દુરૂદ શરીફ એક હજાર (૧૦૦૦) વાર પઢશે તો જ્યાં સુધી તે માણસ જન્નતમાં પોતાનું સ્થાન-જગ્યા જોશે નહિં ત્યાં સુધી મૃત્યુ પામશે નહિ.

(ફઝાઈલે આ'માલ-ફઝાઈલે દુરૂદ શરીફ)

[૨૦]

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِ النَّبِيِّ
الْاُمِّيِّ وَعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ تَسْلِيْمًاؕ

[**અર્થ :** હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને તેમની આલ પર અને નબીએ ઉમ્મી પર રહમત નાઝિલ ફરમાવ અને ખુશનુદી નાઝિલ ફરમાવ.

ફઝીલત : જે માણસ જુમ્આના દિવસે અસરની નમાઝ પઢી લીધા બાદ પોતાની જગ્યાએથી ઊભો થવા પહેલાં આ મુબારક દુરૂદ શરીફને ૮૦ (એંસી) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના ૮૦ (એંસી) વરસના ગુનાહ માફ કરી દેશે તથા તેને ૮૦ (એંસી) વરસની ઈબાદતનો સવાબ મળશે.

(ફઝાઈલે આ'માલ)

હઝરત સખાવી (રહમતુલ્લાહિ અલયહ) બીજી હદીસ નકલ કરે છે કે હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, જે કોઈ આ દુરૂદ શરીફ એક વખત પઢશે અને જો અલ્લાહ તઆલા કબૂલ ફરમાવી લેશે તો તેના (૮૦) એંસી વર્ષના ગુનાહો માફ થઈ જશે, (ઈન્શા અલ્લાહ).

(ફઝાઈલે આ'માલ, ઝાદુલ મુત્તકીન –દારુલ ઉલૂમ કંથારીઆ પ્રકાશન નં. ૨૪૬)

[૨૧]

હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારી બુઝુર્ગી, ઈઝઝત અને જલાલની કસમ ! જે કોઈ જુમ્આના દિવસે આ દુરૂદ શરીફ પઢશે તો કિયામતના દિવસે એનો હાથ મારા મહબૂબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથમાં હશે અને તે માણસ મારા મહબૂબ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝંડા નીચે હશે તેમજ આ દુરૂદ શરીફના દરેક અક્ષરને બદલે તેને જન્નતમાં એક મહેલ આપીશ. તે મહાનતમ્ દુરૂદ શરીફ આ રહ્યું : *(શવકે આખિરત)*

اَللّٰهُمَّ اِنِّیْٓ اَسْئَلُکَ بِحَقِّکَ الْعَظِیْمِ
وَبِحَقِّ عَرْشِکَ الْعَظِیْمِ وَبِحَقِّ نُوْرِوَجْهِکَ

الْكَرِيْمِ وَبِحَقِّ مَا حَمَلَ كُرْسِيُّكَ مِنْ
عَظَمَتِكَ وَجَلَالِكَ وَجَمَالِكَ وَبَهَائِكَ
وَقُدْرَتِكَ وَسُلْطَانِكَ وَبِحَقِّ اسْمِكَ
الْمَخْزُوْنِ الْمَكْنُوْنِ الَّذِىْ سَمَّيْتَ بِهٖ
نَفْسَكَ وَاَنْزَلْتَهٗ فِىْ كِتَابِكَ اَوْعَلَّمْتَهٗ
اَحَدًا مِّنْ خَلْقِكَ اَوِاسْتَأْثَرْتَ بِهٖ فِىْ عِلْمِ
الْغَيْبِ عِنْدَكَ اَنْ نُّصَلِّىَ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍوَّ عَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ عَبْدِكَ
وَرَسُوْلِكَ وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِاسْمِكَ الَّذِىْ
وَضَعْتَهٗ عَلَى اللَّيْلِ فَاظْلَمَ وَعَلَى النَّهَارِ
فَاسْتَنَارَ وَعَلَى السَّمٰوٰتِ فَاسْتَقَلَّتْ وَعَلَى
الْاَرْضِ فَاسْتَقَرَّتْ وَعَلَى الْجِبَالِ فَرَسَتْ
وَعَلَى الصَّعْبَةِ فَذَلَّتْ وَعَلٰى مَاءِ السَّمَآءِ
فَسَكَبَتْ وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَا سَئَلَكَ بِهٖ
سَيِّدُنَا مُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ

اَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَا سَئَلَكَ بِهٖ سَيِّدُنَا اٰدَمُ
عَلَيْهِ السَّلَامُ وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَاسَئَلَكَ
بِهٖ سَيِّدُنَا مُحَمَّدٌ وَّاَنْبِيَائُكَ وَرُسُلُكَ
وَمَلٰئِكَتُكَ الْمُقَرَّبُوْنَ صَلَّى اللّٰهُ عَلَيْهِمْ
اَجْمَعِيْنَ وَاَسْئَلُكَ اَللّٰهُمَّ بِمَا سَئَلَكَ بِهٖ
اَهْلُ طَاعَتِكَ اَجْمَعِيْنَ اَنْ نُّصَلِّيَ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ عَدَدَ مَا خَلَقْتَ
مِنْ قَبْلِ اَنْ تَكُوْنَ السَّمَآءُ مُبَيَّنَةً وَّالْاَرْضُ
مُطْحِيَّةً وَّالْجِبَالُ مُرْسِيَّةً وَّالْعُيُوْنُ مُنْفَجِرَةً
وَّالْاَنْهَارُ مُنْهَمِرَةً وَّالشَّمْسُ مُضْحِيَّةً وَّالْقَمَرُ
مُضِيَاءً وَّالْكَوَاكِبُ مُنِيْرَةً ط عَدَدَ خَلْقِهٖ
وَرِضَا نَفْسِهٖ وَزِنَةَ عَرْشِهٖ وَمِدَادَ كَلِمَاتِهٖ
وَمَبْلَغَ عِلْمِهٖ وَمُنْتَهٰى رِضَائِهٖ ط

[૨૨]
દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

[**અર્થ :** હે અલ્લાહ તઆલા ! તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપની અવલાદ પર રહમત નાઝિલ ફરમાવ, જેવી રીતે કે તેં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને એમની અવલાદ પર રહમત નાઝિલ ફરમાવી હતી. બેશક, તું તારીફને લાયક અને બુઝુર્ગીવાળો છે. હે અલ્લાહ તઆલા ! તું હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને આપની અવલાદ પર બરકત નાઝિલ ફરમાવ, જેવી રીતે કે, તેં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને એમની અવલાદ પર બરકત નાઝિલ ફરમાવી હતી. બેશક, તું તારીફને લાયક અને બુઝુર્ગીવાળો છે.] *(બુખારી શરીફ)*

ફઝીલત : આ દુરૂદ શરીફનું નામ ''દુરૂદે ઈબ્રાહીમ'' છે અને બધાં દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહનાં નેક બંદાઓએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. ''તશહ્હુદ''માં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે. *(ફઝાઈલે દુરૂદ, ફઝાઈલે આ'માલ)*

દુરૂદ શરીફ પઢવાની બેશુમાર ફઝીલતો

[**મસ્અલો :** દુરૂદ શરીફ પઢવા માટે વુઝૂ કે ગુસલની ઝરૂરત નથી. વગર વુઝૂએ અને ગુસલ વગર દુરૂદ શરીફ પઢવું જાઈઝ છે; પરંતુ જો શરીર અને કપડાં પાક હોય તો એ સર્વશ્રેષ્ઠ છે.]

(૧) દુરૂદ શરીફ પઢતી વેળા અવયવોમાં શાંતિ અને ધીરજની સાથે દિલ લગાવી દુરૂદ શરીફ પઢવું જોઈએ.

(૨) દુરૂદ શરીફનો મરતબો ઝિક્રે ઈલાહીથી અફઝલ છે, કારણ કે દુરૂદ શરીફ પઢનારનો ઈલ્કાબ કસીરૂઝ ઝિક્ર (બહુ ઝિક્ર કરનાર) રાખવામાં આવે છે.

(૩) હઝરત અબૂ તલહા (રદિ.)થી રિવાયત છે કે એક દિવસ હું સરદારે દો—જહાં સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયો તે વખતે આપના મુબારક ચહેરા પર ઘણી જ ખુશીના આસાર મેં જોયા, જેથી અરજ કરી, યા રસૂલલ્લાહ ! આજે આપના મુબારક ચહેરા પર શા કારણે ખુશીના આસાર માલૂમ પડે છે. આપે ફરમાવ્યું, હે અબૂ તલહા ! શું આ ખુશીની વાત નથી કે જિબ્રઈલે મને કહ્યું કે આપની ઉમ્મતમાંથી જે આપની ઉપર એકવાર દુરૂદ શરીફ મોકલે છે તો અલ્લાહ તઆલા તેના દસ ગુનાહ માફ કરી દે છે, તેના નામ—એ આમાલમાં દસ નેકીઓ લખી દે છે અને તેના દસ દરજા બુલંદ કરી આપે છે.

(૪) હઝરત ઉબય ઈબ્ને કઅબ (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલે મકબૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે આપ પર હું બહું જ દુરૂદ પઢયા કરું છું. મારે માટે એક ગણતરી નક્કી કરી દો, એટલા માટે કે હું તેને પૂરી કરતો રહું. આપે ફરમાવ્યું કે જેટલું તમારું દિલ ચાહે તેટલું પઢતા રહો. મેં અરજ કરી, મારા વખતોમાંથી એક ચતુર્થાંશ વખત નક્કી કરી લઉં ? હુઝૂરે ફરમાવ્યું, જેટલું તમો પસંદ કરો તેટલું; જો એથી પણ વધારે પઢવું બની શકે તો બેહતર છે. મેં અરજ કરી, અડધો વખત દુરૂદ માટે નક્કી કરી દઉં અને બાકીનો વખત બીજા વઝીફાઓ માટે ? આપે ફરમાવ્યું,

તમે જેટલું ચાહો તેટલું; અને જો એથી વધારે હોય તો તે તમારે માટે વધારે બેહતર છે. મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આખો વખત દુરૂદ શરીફ જ પઢયા કરીશ. આપે ફરમાવ્યું, અગર તમો એમ કરશો તો તમારી બધી જ ફિકરો અને પરેશાનીઓ દૂર કરી દેવામાં આવશે અને તમારા ગુનાહો માફ કરી દેવામાં આવશે. મતલબ એ છે કે અગર તમો દરેક વખત દુરૂદ પઢવામાં જ ગુઝારશો તો અલ્લાહ તઆલા તમારી બધી ઝરૂરતોનો જામિન ને જવાબદાર બનશે.

(૫) ફખ્રે બની આદમ (અલૈ.) ઈરશાદ ફરમાવે છે કે મેં હઝરત જિબ્રઈલ (અલૈ.) સાથે મુલાકાત લીધી ત્યારે તેમણે મને ખુશખબરી સંભળાવી કે અલ્લાહ તઆલા ફરમાવે છે, જે માણસ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઉપર દુરૂદ પઢશે તેના ઉપર હું રહમત ઉતારીશ અને જે આપ (સલ.) ઉપર સલામ મોકલશે તેના ઉપર હું સલામતી મોકલીશ. મેં એ ખુશખબરી સાંભળીને શુક્રનો સિજદો અદા કર્યો.

(૬) હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ પઢવું ગુનાહોને મિટાવી દે છે અને સલામ મોકલવું ગુલામોને આઝાદ કરવા કરતાં વધારે સારું છે અને આપના સાથે મુહબ્બત કરવી અલ્લાહ પાકના રસ્તામાં જિહાદ કરવા કરતાં વધારે સારું છે.

(૭) તાજદારે મદીના સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, જો કોઈ માણસે કિતાબમાં મારું નામ લખતી વેળા મારા ઉપર દુરૂદ પઢયું તો જ્યાં સુધી તે કિતાબમાં મારું નામ રહેશે ત્યાં સુધી ફરિશ્તાઓ તે માણસ માટે રહમતની દુઆ કરતા રહેશે.

(૮) અલ્લાહ પાકે ત્રણ ચીઝોને સાંભળવાની શક્તિ ઘણી વધારે બખ્શી છે :

૧. જન્નત–જ્યારે કોઈ બંદો જન્નતની માંગણી કરે છે ત્યારે જન્નત અરજ કરે છે કે ઈલાહી ! તારો ફલાણો બંદો મારી માંગણી કરી રહેલો છે, માટે તું મારી નેઅમતો તેને માટે વકફ કરી આપ. ૨. દોઝખ–જ્યારે કોઈ બંદો દોઝખથી પનાહ (રક્ષણ) માંગે છે ત્યારે દોઝખ હક તઆલાના દરબારમાં અરજ કરે છે, ઈલાહલ આલમીન ! તારો ફલાણો બંદો મારાથી પનાહની

માંગણી કરી રહેલો છે, માટે તું તેને પનાહ આપી દે અને મારા અઝાબથી તેની સંભાળ રાખ. ૩. ફરિશ્તા–જેઓને મુકર્રર કરવામાં આવેલા છે. જ્યારે કોઈ બંદો દુરૂદ પઢે છે ત્યારે તેઓ સાંભળી લે છે અને તરત જ આપને અરજ કરે છે કે યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફલાણા માણસે આપ ઉપર દુરૂદ મોકલ્યું છે.

(૯) જ્યારે કોઈ માણસ લા ઈલા–હ ઈલ્લલ્લાહ પઢે છે અને એ પછી (અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન) પણ પઢે છે ત્યારે એ બન્ને શબ્દો તેના મોઢામાંથી લીલા પક્ષીની સૂરતમાં નીકળે છે. એ લીલા પક્ષી અલ્લાહના અર્શની પાસે જઈ બેચેન બનીને ફફડે છે. હક તઆલાનો હુકમ મળે છે, હે મારી અને મારા મહબૂબની તારીફ કરનાર સમૂહ ! થોભી જા. એ પક્ષી અરજ કરે છે; ઈલાહલ આલમીન ! આ બેચેની કેવી રીતે દૂર કરું ! હમણાં સુધી એ શબ્દોના પઢનારના ગુનાહની બખશિશની જાહેરાત તો થઈ જ નથી. બીજીવાર ફરી એને થોભી જવાનો હુકમ મળે છે, પરંતુ એ ફરી એ જ કહે છે. ત્રીજીવાર ઈરશાદ થાય છે : થોભી જા, મેં એ બંદાને બખ્શી દીધો અને એના ગુનાહ માફ કરી દીધા.

(૧૦) એક હજાર વાર દુરૂદ શરીફ પઢનાર મૃત્યુ પહેલાં પોતાની જગ્યા અને પોતાનો મુકામ જન્નતમાં જોઈ લે છે.

(૧૧) જે માણસ દરરોજ સો વાર દુરૂદ પઢે છે, તેની સો હાજતો પૂરી કરવામાં આવે છે. એમાંથી ત્રીસ દુનિયાની અને સિત્તેર આખિરતની.

(૧૨) દરરોજ સો વાર દુરૂદ પઢવું એ રાત–દિવસ ઈબાદત કરવા બરાબર છે.

(૧૩) એક સો વાર દુરૂદ પઢનારને એક લાખ નેકીઓ આપવામાં આવે છે અને એક લાખ ગુનાહ માફ કરી દેવામાં આવે છે તેમજ અલ્લાહ તઆલા તેના ઉપર એક હજાર રહમત મોકલે છે.

(૧૪) જે માણસ એક સો વાર દુરૂદ શરીફ જુમ્આની રાતે અથવા તો દિવસે પઢશે તો તેની એંસી વરસની ભૂલચૂક (ગુનાહ) માફ થઈ જશે.

(૧૫) જે માણસ સો વાર દુરૂદ શરીફ જુમ્આની રાતે અથવા તો દિવસે

પઢતો રહે છે તો તેને માટે એક ફરિશ્તો મુકર્રર કરી દેવામાં આવે છે. તે ફરિશ્તો તેના મરણના વખતે તેની પાસે જન્નતની ખુશખબરીનો તોહફો એવી રીતે લાવે છે કે જેવી રીતે તમો અરસપરસ એક બીજાને ત્યાં હદિયો મોકલ્યા કરો છો.

(૧૬) જે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઉપર દુરૂદ મોકલે છે તો તેના ઉપર ફરિશ્તા પણ દુરૂદ મોકલે છે, અને જેના ઉપર ફરિશ્તા દુરૂદ મોકલે છે તો અલ્લાહ પાક તેના ઉપર દુરૂદ મોકલે છે અને જ્યારે અલ્લાહ પાક દુરૂદ મોકલે છે ત્યારે તો વળી આકાશ અને ઝમીનમાંની કોઈ ચીઝ એવી નથી, જે તેના ઉપર દુરૂદ ન મોકલે !

(૧૭) એકવાર દુરૂદ શરીફ પઢનાર પર અલ્લાહ તઆલા સિત્તેર રહમતો મોકલે છે અને ફરિશ્તાઓ તેને માટે સિત્તેર વાર દુઆ કરે છે.

(૧૮) દુરૂદ પઢનારના ગુનાહ ત્રણ દિવસ સુધી 'કિરામન કાતિબીન' લખતા નથી અને તેની તૌબાનો ઈન્તિઝાર કરે છે. જો તે તૌબા ન કરે તો ત્રણ દિવસ પછી તેના ગુનાહ લખાય છે.

(૧૯) જે માણસ જ્યાં સુધી દુરૂદ પઢતો રહે છે ત્યાં સુધી ફરિશ્તા તેને માટે રહમતની દુઆ કરતા રહે છે. હવે તેને ઈખ્તિયાર છે, ચાહે વધારે દુરૂદ પઢે અથવા થોડું.

(૨૦) દુરૂદ પઢનારને જન્નતમાં ઘણી બીબીઓ અતા કરવામાં આવશે.

(૨૧) દુરૂદ પઢવાની ફઝીલતનો અસર તેના પઢનારની ઔલાદમાં થાય છે.

(૨૨) એક દુરૂદને કિયામતના દિવસે ઉહુદ પહાડ બરાબર વજનદાર કરવામાં આવશે, જેથી તરાઝુમાં વજન વધારી શકાય.

(૨૩) દુરૂદ પઢનારને અલ્લાહની રહમત ચોતરફથી ઢાંકી લે છે.

(૨૪) દુરૂદ પઢનાર રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સાથે જન્નતમાં એવી રીતે દાખલ થશે કે આપના ખભાની સાથે તેનો ખભો લાગેલો હશે. મતલબ કે એટલી નઝદીકી હાસિલ થશે.

(૨૫) દુરૂદ પઢનાર જ્યાં મરી જાય છે, ત્યાં તે દુરૂદ મય્યિતને માટે ઈસ્તિગફાર કરે છે.

(૨૬) દુરૂદ પઢનારના દિલમાં આપની મુહબ્બત વધતી જાય છે, મૌત વખતે સકરાત આસાન થાય છે.

(૨૭) દુરૂદ પઢનારને માટે એક ફરિશ્તો મુકર્રર કરવામાં આવે છે, જે દુરૂદને તે ફરિશ્તો હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના રોઝા મુબારક ઉપર પેશ કરે છે.

(૨૮) જે માણસ આપના રોઝા મુબારક પાસે દુરૂદ અને સલામ પઢે છે તે નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સાંભળે છે અને તેનો જવાબ પણ આપે છે.

(૨૯) જે માણસ મકાનમાં દાખલ થઈ ઘરવાળાઓને અસ્સલામુ અલયકુમ કહે છે અને તે પછી દુરૂદ પઢે છે તો તેના ઘરમાંથી રોઝીની તંગી દૂર થઈ જાય છે.

(૩૦) જે માણસ દુઆ માંગવા અગાઉ અને પછી દુરૂદ પઢે છે તો તે દુઆ અલ્લાહ તઆલા સુધી પહોંચી જાય છે, કારણ કે દુરૂદ પઢનારનું દુરૂદ કબૂલ થઈને જ રહે છે, તો એના ઝરીઆથી દુઆ પણ કબૂલ થઈને જ રહેશે.

(૩૧) દુરૂદ શરીફ અને કલિમહ પઢનાર જન્નતમાં શહીદોના નજદીક આબાદ હશે એટલે શહીદોના મકાનની પાસે જ એ દુરૂદ પઢનારનું મકાન બનાવી દેવામાં આવશે.

(૩૨) દુરૂદ શરીફ પઢનાર દોઝખના પુલ સિરાત પર સાબિતકદમ રહેશે અને પુલસિરાત ઓળંગતા તેઓના પગ ડગમગશે નહિ.

(૩૩) દુરૂદ શરીફ પઢનારને એટલો સવાબ મળે છે જેટલો સવાબ વીસ વખત જિહાદ કરવાથી હાસિલ થાય છે.

(૩૪) અગર કોઈ વાત ભૂલી જાય છે તો દુરૂદ શરીફ પઢવાથી યાદ આવી જાય છે.

(૩૫) જેની પાસે ખર્ચ કરવાને કંઈ જ ન હોય અને તે દુરૂદ શરીફ પઢી લે

તો તેને સદકાનો સવાબ મળે છે.

(૩૬) દુરૂદ શરીફ પઢનાર કંજૂસ કહેવાતો નથી, કારણ કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે જે મારા ઉપર દુરૂદ પઢતો નથી તે બખીલ–કંજૂસ છે.

(૩૭) જે મજલિસમાં દુરૂદ શરીફ પઢાય છે તો તે મજલિસની શોભા છે અને કિયામતમાં ચમકતું નૂર છે.

(૩૮) હઝરત અનસ (રદિ.)ની હદીસથી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરશાદ છે કે જે કોઈ મારી ઉપર જુમ્આની રાત્રે (જુમેરાતના સૂરજ ડુબવા પછી) યા જુમ્આના દિવસે ૧૦૦ વખત દુરૂદ પઢી મોકલાવશે તો અલ્લાહ પાક તેની ૧૦૦ હાજતો પૂરી કરશે, જેમાંથી ૩૦ દુનિયાની અને ૭૦ આખિરતની. *(હદીસ)*

દુરૂદ શરીફ ન પઢનારની બરબાદી

(૧) હઝરત આયશા (રદિ.)ની રિવાયતમાં છે કે મેં એક દિવસ રિસાલતે મઆબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો બેહદ નૂરાની અને રોશન ચહેરો જોઈને કહ્યું કે આપનો મુબારક ચહેરો કેવો નૂરાની છે. આપે ફરમાવ્યું, હે આયશા ! તેને માટે મોટી ખરાબી છે, જે આ નૂરાની ચહેરાને કિયામતમાં જોવાથી મહરૂમ રહે. મેં અરજ કરી : હુઝૂર, તે કોણ બદકિસ્મત ઈન્સાન છે, જે એ નૂરાની શકલને જોવાથી ય મહરૂમ રહેશે ? ફરમાવ્યું : બખીલ ! મેં અરજ કરી : બખીલ કોણ છે ? ફરમાવ્યું : જેણે મારું નામ સાંભળ્યું અને મારા ઉપર દુરૂદ ન પઢયું.

(૨) તાજદારે મદીના (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : તે માણસ બરબાદ થાય કે જેની આગળ મારો ઝિક્ર થાય અને તે મારા ઉપર દુરૂદ ન મોકલે.

(૩) તેની નાક મટોડી સાથે લથબથ થાય કે જેણે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું નામ સાંભળ્યું અને આપ પર દુરૂદ નહિ પઢયું.

(૪) જે માણસ આપ ઉપર દુરૂદ મોકલવું ભૂલી ગયો તે જન્નતના રસ્તાથી આડો ફંટાયો.

(૫) જેણે આપનું મુબારક નામ સાંભળ્યું અને આપ પર દુરૂદ નહિ પઢ્યું તો તેણે આપ ઉપર ઝુલ્મ કર્યો તેમજ તે અલ્લાહ તઆલાની રહમતથી દૂર છે.

(૬) સરદારે દો જહાં સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શાને અકદસ–પાક અઝમતની જે કોઈ એક વાર બેઅદબી કરે છે તો તેના ઉપર અલ્લાહ તઆલા બેહદ ગુસ્સે થાય છે. એટલું જ નહિ, પણ તે બેઅદબી કરનાર પર દસ લા'નતો ઉતારે છે.

યા રબ્બિ સલ્લિ વ સલ્લિમ દાઈમન્ અબદન્ અલા હબીબિક ખયૂરિલ ખલ્કિ કુલ્લિહિમ. *(દુરૂદો –સલામ પ્રકાશન નં. ૨૪૭ દારુલ ઉલૂમ–કંથારીઆ)*

ઘણા જ મહત્ત્વના વીસ દુરૂદ શરીફ

દુરૂદ શરીફ–૧ **દુરૂદે ઈબ્રાહીમ**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى
سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰى

سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰى اٰلِ سَيِّدِنَا
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

હે અલ્લાહ ! અમારા આકા મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ જેવી રીતે કે તેં સય્યિદના હઝરત ઇબ્રાહીમ (અલૈ.) અને તેમની આલ–ઔલાદ પર નાઝિલ ફરમાવી. ખરેખર, તું જ વખાણને લાયક અને ગૌરવવંત છે. હે અલ્લાહ ! અમારા આકા મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ જેવી રીતે કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને તેમની ઔલાદ પર નાઝિલ ફરમાવી. ખરેખર, તું વખાણને લાયક અને ગૌરવવંત છે. *(બુખારી)*

આ દુરૂદ શરીફનું નામ દુરૂદે ઈબ્રાહીમ છે અને બધા દુરૂદ શરીફો કરતાં આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ છે. દરેક બુઝુર્ગે આ દુરૂદ શરીફ સર્વશ્રેષ્ઠ હોવાની ભલામણ કરી છે. અલ્લાહના નેક બંદાઓએ પોતાની કિતાબોમાં આ દુરૂદ શરીફની ઘણી જ તાકીદ કરેલી છે. 'તશહ્હુદ''માં પણ આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે.

મુહદ્દિસે દહેલ્વી હઝરત મૌલાના અબ્દુલ હક્ક સાહેબે પોતાની કિતાબમાં આ દુરૂદ શરીફની શ્રેષ્ઠતા વિષે દસ જેટલા અભિપ્રાયો દર્શાવેલ છે અને જાહેર કર્યું છે કે આ દુરૂદ શરીફની અફઝલિયત માટે જુદા જુદા અભિપ્રાયો કેવા છે તેની અફઝલિયત માટે હદીસ શરીફમાં સ્પષ્ટતા છે. તેની કેટલીક શરતો છે તથા કેટલા વખત તેને પઢવું તે વિષે મતભેદ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખ્વાબમાં જોવાથી તેમણે જુદા–જુદા દસ દુરૂદ શરીફ લખ્યાં છે. આ અતિ મહત્ત્વના દુરૂદ શરીફ વિષે ''હબ્બુન નસીમ''ના તંત્રીએ દસ જેટલી વિગતો લખી છે. ''મુનાસિરુલ હસનાત''ના તંત્રીએ પણ દસ વિગતો લખી છે. અંતમાં અલ્લાહના બંદા–ગુલામ નકશબંદીએ ગુજરાતીએ પણ ઘણા જ ચિંતન પછી કુલ વીસ જેટલાં દુરૂદ શરીફોનો સંગ્રહ કર્યો છે. આ ઘણા જ બરકતવંત દુરૂદ શરીફની બરકતથી હઝરત શાહ વલીય્યુલ્લાહ સાહેબે (રહ્મતુલ્લાહિ અલયહ) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખ્વાબમાં જોયા હશે.

જ્યારે પણ આ દુરૂદ શરીફ પઢો ત્યારે બંને દુરૂદ શરીફો સાથે પઢવાં, તેનાથી ફક્ત એક જ દુરૂદ શરીફ ગણાશે.

દુરૂદ શરીફ–૨ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ
وَكُلَّمَا سَهٰى عَنْهُ الْغَافِلُوْنَ ط

હે અલ્લાહ ! અમારા પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને તેમની આલ–ઔલાદ પર રહમત નાઝિલ કર.

દુરૂદ શરીફ–૩ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا
ذَكَرَهُ الذَّاكِرُوْنَ، وَكُلَّمَا غَفَلَ عَنْ
ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

હે અલ્લાહ ! અમારા પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ, જે કોઈ તેમના પર સલામ મોકલે અને જેટલા વખત દુરૂદ શરીફ મોકલે તેટલા વખત તેમના પર રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૪ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا هُوَ
اَهْلُهٗ وَمُسْتَحِقُّهٗ ط

હે અલ્લાહ ! અમારા પયગમ્બર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને તેમની આલ–અવલાદ પર આપની શાન અને મરતબા પ્રમાણે રહમત નાઝિલ ફરમાવ. *(મુનાસિરુલ હસનાત)*

દરેક માણસના હોઠ ઉપર બે ફરિશ્તાઓ દુરૂદ શરીફની હિફાઝત માટે મૂકવામાં આવ્યા છે. જે ''લખેલા'' અથવા ''પઢેલા'' દુરૂદ શરીફની હિફાઝત કરે છે.

દુરૂદ શરીફ–૫ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
كَمَا هُوَ اَهْلُهٗ وَمُسْتَحِقُّهٗ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તેમના લાયક અને શાન તથા મરતબા મુતાબિક રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૬ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ

وَّعَلٰى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا
اَنْتَ اَهْلُهٗ ط

હે અલ્લાહ ! તારી પ્રભાવશાળી અને ગૌરવપૂર્ણ પાક ઝાતના મરતબા મુજબ અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તારી રહમત વરસાવ અર્થાત્ નાઝિલ ફરમાવ. *(મુનાસ્સિરુલ હસનાત)*

દુરૂદ શરીફ—૭ :

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ،
فَصَلِّ وَسَلِّمْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
كَمَا اَنْتَ اَهْلُهٗ، وَافْعَلْ بِنَا مَا
اَنْتَ اَهْلُهٗ، فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى
وَاَهْلُ الْمَغْفِرَةِ ط

હે અલ્લાહ ! તારા જ માટે બધા વખાણ છે. તારા મરતબા અને શાન મુજબ અમારા નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તારી રહમત અને કરીમી નાઝિલ ફરમાવ અને અમારી સાથે પણ તેવો જ સુલૂક—વર્તાવ કર જે તારી પ્રભાવશાળી પાક ઝાતને લાયક હોય. ફકત તારી પાક ઝાતથી જ અમે ડરીએ છીએ, જેથી અમારા ગુનાહો માટે તું અમને માફ ફરમાવ અર્થાત્ અમારા ગુનાહ માફ કર. *(મુનાસ્સિરુલ હસનાત)*

આ દુરૂદ શરીફ અત્યંત બરકતવંતું છે. ફર્ઝ નમાઝ બાદ તેને દરરોજ એક વખત નિયમિત પઢતાં રહેવું. આ દુરૂદ શરીફ પઢનારને અલ્લાહ તઆલા વીસ ગણો સવાબ આપે છે.

દુરૂદ શરીફ–૮ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰۤى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ اَفْضَلَ
صَلَوَاتِكَ عَدَدَ مَعْلُوْمَاتِكَ ط

હે અલ્લાહ ! તારી ખુસૂસી હિકમત પ્રમાણે અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને આપની આલ–ઔલાદ પર તારી બેહતરીન–સર્વશ્રેષ્ઠ રહમતની વૃષ્ટિ નાઝિલ ફરમાવ. *(બુસ્તાને આઈશા)*

દુરૂદ શરીફ–૯ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ
اِلنَّبِيِّ الْاُمِّيِّ وَعَلٰى كُلِّ نَبِيٍّ وَّمَلَكٍ
وَّوَلِيٍّ عَدَدَ كَلِمَاتِكَ التَّآمَّاتِ
الْمُبَارَكَاتِ ط

હે અલ્લાહ ! અમારા નબીએ ઉમ્મી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, બધા પયગમ્બરો અને ફરિશ્તાઓ પર અને અવલિયાએ કિરામ (રહ.) પર તારી હંમેશા કાયમ રહેનાર અમર—અગણિત રહમત નાઝિલ ફરમાવ. *(મુનાસિરુલ હસનાત)*

દુરૂદ શરીફ—૧૦ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ
اِلْاُمِّيِّ وَعَلٰى كُلِّ نَبِيٍّ وَّمَلَكٍ وَّوَلِيٍّ
عَدَدَ الشَّفْعِ وَالْوَتْرِ وَعَدَدَ كَلِمَاتِ
رَبِّنَا التَّآمَّاتِ الْمُبَارَكَاتِ ط

હે અલ્લાહ ! અમારા નબીએ ઉમ્મી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, બધા પયગમ્બરો, ફરિશ્તાઓ, અવલિયાએ કિરામ (રહ.) અને તેઓની સંખ્યા મુજબ તેઓ પર તારી શાન મુતાબિક રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ—૧૧ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
عَبْدِكَ وَنَبِيِّكَ وَرَسُوْلِكَ النَّبِيِّ
الْاُمِّيِّ وَعَلٰٓى اَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ
عَدَدَ خَلْقِكَ وَرِضٰى نَفْسِكَ

وَزِنَةَ عَــرْشِكَ وَمِــــدَادَ
كَلِمَاتِكَ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તારા બંદાઓ પર, તારા નબી અને પયગમ્બર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) કે જે ઉમ્મી છે તેમના પર, આપની બીવીઓ–ઉમ્મુલ મુઅમિનીન અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–ઔલાદ પર તારી મખ્લૂકની સંખ્યા મુજબ અને તારી રઝામંદી મુતાબિક તારા અર્શના વજન બરાબર અને તારા કૌલ મુજબ રહમત નાઝિલ ફરમાવ.

(મુનાસિરુલ હસનાત)

દુરૂદ શરીફ–૧૨ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
عَبْدِكَ وَنَبِيِّكَ وَرَسُوْلِكَ النَّبِيِّ
الْاُمِّيِّ وَعَلٰى اٰلِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ
وَسَلِّمْ عَـدَدَ خَـلْقِكَ وَرِضٰى
نَفْسِكَ وَمِــــدَادِ كَلِمَاتِكَ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)

પર, તારા બંદા અને તારા રસૂલ, નબીએ ઉમ્મી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના કબીલા અને બીવીઓ–ઉમ્મુલ મુઅમિનીન અને આપની આલ–ઔલાદ પર તારી મખ્લૂકની સંખ્યા જેટલી અને તારી રઝામંદી મુજબ અને તારી પાક ઝાતની તારીફ કરતી અમર્યાદિત શાહી મુજબ રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૧૩ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ وَّسَلِّمْ
عَدَدَ خَلْقِكَ وَرِضٰى نَفْسِكَ
وَزِنَةَ عَرْشِكَ وَمِدَادِ كَلِمَاتِكَ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદ પર તારી મખ્લૂકની સંખ્યા મુજબ અને તારી ખૂશનુદી મુજબ, તારા અર્શના વજન પ્રમાણે અને તારી પ્રશંસા–તારીફ માટે જોઈતી અમર્યાદિત શાહી પ્રમાણે રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૧૪

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا

مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ
صَلٰوةً دَائِمَةً بِدَوَامِكَ

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ–ઔલાદ પર એવી રહમત નાઝિલ કર, જે તારી અસીમ–બેશુમાર રહમત વડે અનંતકાળ–આદિકાળ પર્યંત બાકી રહે.

(બુસ્તાને આઈશા)

દુરૂદ શરીફ–૧૫ :

اَللّٰهُمَّ يَارَبِّ صَلِّ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ
وَّاجْزِ سَيِّدَنَا مُحَمَّدًا صَلَّى اللّٰهُ
عَلَيْهِ وَسَلَّمَ مَاهُوَ اَهْلُهٗ

હે અલ્લાહ ! અમારા પાલનહાર–રઝઝાક ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદ પર તારી રહમત નાઝિલ કર અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદને જઝાએ ખૈર અતા ફરમાવ

અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના મરતબા અને દરજ્જાને મુનાસિબ આપના પર અલ્લાહની રહમત અને ખૂશનુદીની વર્ષા વરસજો. આમીન ! *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૧૬ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدِ
اِلنَّبِىِّ الْاُمِّىِّ وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ
الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
كَمَا صَلَّيْتَ عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

હે અલ્લાહ ! અમારા નબીએ ઉમ્મી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના કબીલા અને જવઝએ મુતહ્હરાત–પાક બીવીઓ ઉમ્મુલ મુઅમિનીન પર, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદ અને ઘરવાળાઓ પર એવી રહમત નાઝિલ ફરમાવ, જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ પર નાઝિલ ફરમાવી.

(અબૂ દાવૂદ)

દુરૂદ શરીફ–૧૭ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى
سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا
اِبْـرَاهِيْمَ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى
اٰلِ سَيِّدِنَا اِبْرَاهِيْمَ فِى الْعَالَمِيْنَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના કબીલા પર રહમત નાઝિલ ફરમાવ, જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના કબીલા પર નાઝિલ ફરમાવી અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કબીલા પર એવી સલામતી નાઝિલ કર જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને તેમના કબીલા પર નાઝિલ ફરમાવી હતી.

દુરૂદ શરીફ–૧૮ :

اَللّٰهُمَّ صَلِّ اَبَدًا اَفْضَلَ صَلَوَاتِكَ
عَلٰى عَبْدِكَ وَنَبِيِّكَ وَرَسُوْلِكَ
سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَسَلِّمْ
تَسْلِيْمًا وَّزِدْهُ شَرَفًا وَّتَكْرِيْمًا
وَّاَنْزِلْهُ الْمَنْزِلَ الْمُقَرَّبَ عِنْدَكَ
يَوْمَ الْقِيٰمَةِ ط

હે અલ્લાહ ! તારા બંદા, નબી અને પયગમ્બર તથા અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને આપના કબીલા પર તારી બેશુમાર રહમતની બારિસ નાઝિલ ફરમાવ અને તેમના પર તારી રઝામંદી અને સલામતી નાઝિલ ફરમાવ, તેમના દરજ્જા અને મરતબાને બુલંદ કર અને કિયામતના દિવસે તારી નઝદીકી હાસિલ કર.

દુરૂદ શરીફ–૧૯ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى
اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى
سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا

اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ كَمَا بَارَكْتَ
عَلٰى سَيِّدِنَا اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ سَيِّدِنَا
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ،
اَفْضَلَ صَلَوَاتِكَ عَدَدَ مَعْلُوْمَاتِكَ،
كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ، وَكُلَّمَا غَفَلَ
عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ وَسَلِّمْ تَسْلِيْمًاط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઔલાદ પર તારી રહમત નાઝિલ ફરમાવ, જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને તેમના કબીલા પર નાઝિલ કરી અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર અને આપની ઔલાદ પર સલામતી નાઝિલ ફરમાવ, જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને તેમની ઔલાદ પર નાઝિલ કરી. બેશક, તું જ પ્રશંસાપાત્ર–ઈઝઝતવાળો, ગૌરવશાળી અને કૃપાળુ–રહીમ છે. જે તેમના પર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જેટલી વખત સલાત અને સલામ મોકલે અને જેઓ ગફલત ન વર્તે ત્યાં સુધી સલામતી અને રહમત નાઝિલ ફરમાવ. *(હુબ્બે નસીમ)*

દુરૂદ શરીફ–૨૦ :

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ
عَبْدِکَ وَرَسُوْلِکَ النَّبِیِّ الْاُمِّیِّ وَ
عَلٰٓی اٰلِہٖ وَاَزْوَاجِہٖ وَذُرِّیَّتِہٖ کَمَا
صَلَّیْتَ عَلٰٓی سَیِّدِنَا اِبْرَاھِیْمَ
وَعَلٰٓی اٰلِ سَیِّدِنَا اِبْرَاھِیْمَ وَ
بَارِکْ عَلٰی سَیِّدِنَا مُحَمَّدِ نِ النَّبِیِّ
الْاُمِّیِّ وَعَلٰٓی اٰلِ سَیِّدِنَا مُحَمَّدٍ
وَّاَزْوَاجِہٖ وَذُرِّیَّتِہٖ کَمَا بَارَکْتَ
عَلٰٓی سَیِّدِنَا اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ
سَیِّدِنَا اِبْرَاھِیْمَ فِی الْعَالَمِیْنَ
اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط

હે અલ્લાહ ! અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તારા બંદા અને પયગમ્બર પર રહમત નાઝિલ ફરમાવ. નબીએ ઉમ્મી અને

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની બીવીઓ—જવ્ઝએ મુતહ્હરાત અને ફરઝંદો પર રહમત નાઝિલ ફરમાવ, જેવી કે તેં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની ઔલાદ પર રહમત નાઝિલ ફરમાવી. અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) નબીએ ઉમ્મી અને અમારા નબી મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની આલ અને બીવીઓ—અઝવાજે મુતહ્હરાત અને આપની ઔલાદ પર ફઝીલત અતા ફરમાવ, જેવી કે તેં આખા જગતમાં સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને સય્યિદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની ઔલાદ પર નાઝિલ ફરમાવી. બેશક, તું પ્રસંશાપાત્ર અને સર્વશ્રેષ્ઠ છે. *(મુનાસિરુલ હસનાત)*

ફઝીલત :

(૧) જે કોઈ માણસ આ વીસ દુરૂદ શરીફ એક વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને બસો ચાલીસ ગણો સવાબ આપશે અને તેનો મરતબો અનેકગણો કરશે અને અનેકગણા ગુનાહો માફ કરશે.

(૨) જો કોઈ માણસ વધુ નેકીઓ કરવા ચાહતો હોય તો આ વીસ દુરૂદ શરીફોમાંથી કોઈ પણ એક દુરૂદ શરીફનો વિર્દ કરવો જોઈએ. વધુમાં જો કોઈ પણ માણસ નિયમિતપણે આ ૨૦ દુરૂદ શરીફો પઢવાનો અહદ કરી લે તો તેની બધી ઈચ્છાઓ—તમન્નાઓ પૂરી થશે. જો આ દુરૂદ શરીફોને એક જ વખત પઢવામાં આવે તો અલ્લાહ તઆલા પઢનારને બસો ચાલીસ ગણો સવાબ આપે છે તેમજ પઢનારનાં દરજ્જામાં વૃદ્ધિ કરે છે અને તેના ગુનાહો માફ કરે છે. આ તો ઓછામાં ઓછો સવાબ છે. અલ્લાહ તઆલા ચાહે તો તેની વસીઅ—કરીમ વિશાળ રહમત વડે એનાથી પણ વધુ સવાબ આપે છે. *(ઝાદુલ મુત્તકીન, પ્રકાશન નં. ૨૪૬, દારુલ ઉલૂમ—કંથારીઆ)*

• • •

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

✪ પ્રકરણ–૩ ✪

કુર્આન શરીફ પઢવું

"આ કુર્આન તો સર્વ જગત માટે બોધગ્રંથ છે." *(કુર્આન શરીફ)*

(૧) હઝરત ઉસ્માન (રદિ.) જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરે છે કે, ''સૌથી સારો માણસ તમારામાંથી તે છે કે જેણે કુર્આન શરીફ શીખ્યું અને શીખવાડયું.'' *(બુખારી શરીફ)*

(૨) હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''કુર્આનની તિલાવત કર્યા કરો, એ તિલાવત તમારા માટે જમીનમાં નૂર છે અને આસમાન પર તમારા માટે સંગ્રહ છે.'' *(ઈબ્ને હિબ્બાન)*

(૩) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જ્યારે કોઈ માણસ સિજદહની આયત પઢી સિજદો કરે છે તો શયતાન એક ખૂણે બેસી રડે છે અને કહે છે કે ''અફસોસ, ઈબ્ને આદમને સિજદાનો હુકમ થયો તો તેણે સિજદો કર્યો ને તેના પર જન્નત વાજિબ થઈ ગઈ અને મને સિજદાનો હુકમ થયો ને મેં ઇનકાર કર્યો તો મારા માટે જહન્નમનો હુકમ થયો. *(મુસ્લિમ શરીફ)*

(૪) હઝરત અબૂ ઉમામહ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''કુર્આન શરીફ પઢયા કરો, કારણ કે કિયામતના દિવસે કુર્આન શરીફ પોતાને પઢનારાઓની શફાઅત કરશે.'' *(મુસ્લિમ શરીફ)*

(૫) હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે ''બંદો અલ્લાહ તઆલાથી વધુ નજીક તિલાવતે કુર્આનને કારણે જ થાય છે.'' *(તિરમિઝી શરીફ)*

(૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે,

''કુર્આન પઢનાર ઘડપણની કમજોરીથી સલામત રહેશે.'' *(હાકિમ)*

(૭) હઝરત સુહૈલ ઈબ્ને મુઆઝ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

''જેણે કુર્આન પઢયું અને પઢી તે ઉપર અમલ કર્યો તો કિયામતના દિવસે તેના માં–બાપને એક તાજ પહેરાવવામાં આવશે, જેનો ચળકાટ સૂરજનાં તેજ કરતાં ય વધુ હશે. *(અબૂ દાવૂદ)*

(૮) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે,

''કિયામતના દિવસે કુર્આનના હાફિઝથી કહેવામાં આવશે, કુર્આન પઢવું શરૂ કર અને દરેક આયત પર એક દરજો ઉપર ચઢતો ચાલ્યો જા, કુર્આનની આખરી (છેલ્લી) આયત તારી આખરી (છેલ્લી) મંઝિલ છે.'' *(તિરમિઝી શરીફ)*

(૯) હઝરત અબ્દુલ્લાહ ઈબ્નેં ઉમર (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે,

''જેણે કુર્આન શીખ્યું તેણે નબુવ્વતને પોતાની ગોદમાં લઈ લીધી. ફકત એટલો તફાવત છે કે એના ઉપર વહી ઉતરતી નથી. સાહિબે કુર્આન માટે એ લાયક નથી કે ગુસ્સો કરનારની સાથે પોતે પણ ગુસ્સો કરવા લાગે અથવા જાહિલની સાથે જહાલતની વાતો કરવા લાગે, કેમ કે એના સીનામાં કુર્આન મૌજુદ છે.'' *(હાકિમ)*

(૧૦) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''મારી ઉમ્મતનાં શરીફો તે છે, જેઓ કુર્આનના હાફિઝ છે અને તે લોકો છે જેઓ રાતે ઊઠી અલ્લાહ તઆલાની ઈબાદત કરે છે.'' *(બયહકી)*

કુર્આન શરીફની ખાસ-ખાસ સૂરતો અને આયતોની મહાન ફઝીલત : ૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

(શરૂ અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમકર્તા છે.)

મહાન ફઝીલતોઃ(૧)હદીસઃ હઝરત અતા (રદિ.) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત કરે છે કે "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ" નું આકાશમાંથી ઉતરાણ થયું, વાદળો પૂર્વ તરફ ભાગવા માંડયા, વિખેરાવા માંડયા, હવા થંભી ગઈ, દરિયા છલકાવા માંડયા એટલે કે તેમાં એક પ્રકારનું તોફાન વ્યાપી ગયું. પૃથ્વી પરનાં પ્રાણીઓનાં કાન સરવા બની ગયા. શયતાન પર આસમાનથી આગના અંગારા વરસ્યા. અલ્લાહ તઆલા પોતાની ઈઝઝતની કસમ ખાઈને કહે છે કે જે વસ્તુ પર મારું આ નામ પઢવામાં આવશે તેમાં બરકત થશે. "બિસ્મિલ્લાહ......" પઢનાર જન્નતમાં જશે.

(દુર્રે મન્સુર ભાગ-૧. તફસીરે ઈબ્ને કસીર ભાગ-૧, પેજ. ૨૨)

(૨) ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે દોઝખ (જહન્નમ) ના ૧૯ જેટલા ફરિશ્તા છે. તેમનાથી નજાત-છૂટકારો મેળવવા માટે "બિસ્મિલ્લાહ......" પઢતા રહો, કારણકે "બિસ્મિલ્લાહ......"નાં પણ ૧૯ શબ્દો છે. દરેક શબ્દ આ ફરિશ્તાઓના અઝાબથી બચવા માટે ઢાલ છે. (દુર્રે મન્સુર ભાગ-૧ પાના નં.૯)

(૩) અલ્લાહ તઆલા ફરમાવે છે કે , "બિસ્મિલ્લાહ......" પઢનારને હું દોઝખની આગથી બચાવીશ.

હઝરત ઈબ્ને અબ્બાસ(રદિ.)થી રિવાયત છે કે ઉસ્તાદે બચ્ચાને કહ્યું કે

''બિસ્મિલ્લાહ......'' પઢો. ઉસ્તાદ તથા બચ્ચા અને માં–બાપ તેઓ દરેક જહન્નમ (દોઝખ)ના અઝાબથી આઝાદ લખવામાં આવે છે.

(દુર્રે મન્સુર ભાગ–૧ પેજ નંબર–૯)

(૪) કેટલીક રિવાયતોમાં આવે છે કે તેનો પઢનાર મૌતની સખ્તી અને મુન્કર–નકીરનાં ડરથી બચેલો રહેશે. કબરમાંના અઝાબથી બચશે. કબરમાં તેનો વિર્દ નૂર બનીને હાજર થશે. પુલસિરાત ઉપર પસાર થતી વેળા ''બિસ્મિલ્લાહ.....'' રોશની બની પાર કરવામાં સહાયભૂત થશે.

(ગુન્યતુત્તાલિબીન, દારુલ ઉલૂમ માસિક ડિસેમ્બર ૧૯૯૦ પાના નં–૧૪)

(૫) જ્યારે મોમિન (ઈમાનવાળો) ''બિસ્મિલ્લાહ.....'' પઢે છે ત્યારે જન્નત તેને પોતાના તરફ બોલાવે છે. તેને પોતાના તરફ મોકલવા અલ્લાહ તઆલાથી દુઆ માંગે છે. *(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ)*

(દારુલ ઉલૂમ ડિસેમ્બર ૧૯૯૦ પાના નં. ૧૪)

(૬) હઝરત અકરમા (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહ પાકે શાહી તથા કલમ પેદા કર્યા પછી કલમને લખવાનો હુકમ થયો. કિયામત સુધી જે બનનાર છે તે બધું જ લવ્હે મહફુઝ પર લખાયું, કલમે સૌ પ્રથમ ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' લખ્યું. લોકોને સલામતીનો પયગામ આપ્યો. એ શરતે કે તેઓ ''બિસ્મિલ્લાહ...'' પઢતા રહે. સાતમા આકાશ પર જે માનવંતા લોકો છે તથા સફ બાંધી અલ્લાહની યાદમાં પરોવાયેલા મુકર્રબ ફરિશ્તા છે તે બધાનો જ મુખ્ય વિર્દ ''બિસ્મિલ્લાહ....'' છે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, દારુલ ઉલૂમ માસિક ડિસેમ્બર ૧૯૯૦ પાના નં. ૧૪)

(૭) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે કે મારી ઉમ્મતના માણસો કિયામત સુધી ''બિસ્મિલ્લાહ.....'' પઢતા રહેશે. નામ–એ આ'માલ તોલવામાં આવશે ત્યારે તેની બરકતથી નેકીઓનું વજન અનેકગણું વધી જશે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, દારુલ ઉલૂમ માસિક ડિસેમ્બર–૧૯૯૦ પાના નં. ૧૪)

(૮) અલ્લાહ તઆલા ફરમાવે છે કે, ''બિસ્મિલ્લાહ'' પઢતા રહો.

તેના વડે મારી ઈતાઅત અને મારી બંદગીમાં પરોવાય જાવ.

(ગુન્યતુત્તાલિબીન શમ્સુલ્મઆરિફ, દારુલ ઉલૂમ માસિક ડિસેમ્બર ૧૯૯૦ પાના નં. ૧૪)

(૯) એક હદીસે કુદ્સી :

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલ (અલૈ.) કસમ ખાઈને આ હદીસ બયાન કરે છે અને એવી જ રીતે તે કસમ ખાઈને હઝરત મિકાઈલ (અલૈ.)થી બયાન કરે છે અને એવી જ રીતે તે કસમ ખાઈને ઈસરાફીલ (અલૈ.) ફરમાવે છે કે હે ઈસરાફીલ !

હું મારી ઈઝઝત અને બખ્શિશ, જલાલ અને કરમની કસમ ખાઈને કહું છું કે જે માણસ ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ''ને સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) સાથે મેળવીને એક વખત પણ પઢશે તમે ગવાહ (સાક્ષી) રહો કે હું તેની જીભ (ઝબાન)ને બાળીશ નહિ અને તેને દોઝખ (જહન્નમ)ના અને કબરના અઝાબથી પનાહ (બચાવી) આપીશ અને તેને કિયામતના અઝાબથી પનાહમાં રાખીશ. *(તફસીરે રૂહુલ બયાન)*

એ જ અનુસાર અલ્લામા શેખ અકબર (રહ.) પોતાની કિતાબ ''ફુતુહાત''માં ફરમાવે છે કે જ્યારે તમે સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ..) પઢો ત્યારે એક જ શ્વાસમાં ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' મેળવીને પઢો. *(''ફઝાઈલે બિસ્મિલ્લાહ...'' પેજ નં.–૧૫)*

(૧૦) વુઝૂ કરવા પહેલાં ''બિસ્મિલ્લાહ....'' પઢવાનો ફાયદો :

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે જેણે વુઝૂ કરતાં પહેલાં ''બિસ્મિલ્લાહ...'' નથી પઢયું તો તેનું વુઝૂ પરિપૂર્ણ (કામિલ) નથી થયું. *(તિરમિઝી શરીફ ભાગ–૧ પાન નં. ૬)*

ફાયદો : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જે માણસ વુઝૂ કરવા પહેલાં ''બિસ્મિલ્લાહ...'' નથી પઢતો તો તેનાથી ફક્ત તેના વુઝૂ કરવામાં જે ભાગ ધોવાયો છે તેટલા જ ભાગનાં ગુનાહ માફ થાય છે.

પરંતુ જે માણસ ''બિસ્મિલ્લાહ...'' પઢીને વુઝૂ કરે છે તો તે માણસના

આખા બદન (શરીર)નાં ગુનાહો માફ થઈ જાય છે. *(મિશ્કાત શરીફ)*

(૧૧) ખાવા પહેલાં ''બિસ્મિલ્લાહ...'' પઢવાનો હુકમ :

હઝરત ઉમર ઈબ્ને અબી સલમા (રદિ.)થી રિવાયત છે કે મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ''બિસ્મિલ્લાહ...'' પઢીને જમણા હાથથી પોતાની આગળથી ખાવ.

(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, તિરમિઝી શરીફ ભાગ–૨ પેજ નં.–૭)

(૧૨) હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''બિસ્મિલ્લાહ...'' અલ્લાહ તઆલાનાં મુબારક નામોમાંથી એક ખાસ નામ છે. અલ્લાહ તઆલા અને ''બિસ્મિલ્લાહ...''ના દરમ્યાન એવી જ નઝદીકીનો તઅલ્લુક (સંબંધ)છે જેવી રીતે આંખની કીકી અને સફેદીનાં દરમ્યાન છે.

(હદીસ, દારુલ ઉલૂમ માસિક ડિસેમ્બર–૧૯૯૦ પાન નં. ૧૩)

(૧૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

જે નેઅમતનાં શરૂઆતમાં ''બિસ્મિલ્લાહ...'' અને છેવટમાં ''અલ્હમ્દુલિલ્લાહ'' પઢશે તો એ નેઅમત વિશે કિયામતમાં સવાલ થશે નહિ. *(ઈબ્ને હિબ્બાન)*

(૧૪) જે માણસે ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' પઢી તો તેણે અલ્લાહ તઆલાને ૩૦૦૦ (ત્રણ હજાર) નામોથી યાદ કર્યા.

અલ્લામા આલૂસી (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલાનાં ૩૦૦૦ (ત્રણ હજાર) નામો છે :

૧૦૦૦ (એક હજાર) નામો ફરિશ્તાઓને જણાવ્યા.

૧૦૦૦ (એક હજાર) નામો અમ્બિયા (અલૈ.)ને જણાવ્યા.

૩૦૦ (ત્રણ સો) નામો તૌરેતમાં નાઝિલ થયા.

૩૦૦ (ત્રણ સો) નામો ઝબૂરમાં નાઝિલ થયા.

૩૦૦ (ત્રણ સો) નામો ઈન્જીલમાં નાઝિલ થયા અને

૯૯ (નવ્વાણું) નામો કુર્આન શરીફમાં નાઝિલ થયા.

અને એક નામ પોતાની પાસે રાખ્યું છે તે કોઈને જણાવ્યું નથી. ફરી આ નામોનો અર્થ ''બિસ્મિલ્લાહ....''નાં ત્રણ શબ્દો ''અલ્લાહ,'' ''રહમાન'' અને ''રહીમ''માં સમાવી દીધા. તો જેણે ''બિસ્મિલ્લાહ...'' પઢી તો તેણે અલ્લાહ તઆલાને ત્રણ હજાર (૩૦૦૦) નામોથી યાદ કર્યા.

(તફસીરે રૂહુલ બયાન)

(૧૫) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે લોકો કલામે પાકની એક આયતથી ગાફિલ અને બેખબર છે. તે મારા અને સુલયમાન ઈબ્ને દાઉદ (અલૈ.) સિવાય કોઈના પર નાઝિલ નથી થઈ. તે આયત ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' છે.

(તફસીરે ઈબ્ને કસીર ભાગ–૧, પેજ નં. ૧૯, દુર્રે મન્સુર ભાગ–૧ પેજ– નં. ૨૦)

(૧૬) ઘરમાંથી નીકળતી વખતે :

بِسْمِ اللّٰهِ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ لَا حَوْلَ
وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ ط

જે માણસ ઘરમાંથી બહાર નીકળતી વેળા ''બિસ્મિલ્લાહિ તવક્કલતુ અલલ્લાહિ લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' પઢે તો અલ્લાહ તરફથી કહેવામાં આવે છે કે મેં તારી હિફાઝત કરી લીધી અને તને તારો દુશ્મન શયતાનથી બચાવી લીધો. આ પઢવાથી જ શયતાન અલગ થઈ જાય છે.

(તિરમિઝી શરીફ ભાગ–૨ પેજ–૧૮૦)

(અલ્લાહ તઆલા આપણા બધાને જ અમલ કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન)

(૧૭) જ્યારે કપડાં ઊતારે તો ''બિસ્મિલ્લાહ..''કહીને ઊતારે, જેથી

''બિસ્મિલ્લાહ....'' પઢવાના કારણે શયતાન એની શર્મગાહ તરફ જોઈ શકશે નહિ. (હિસ્ને હસીન)

[૨]

સૂરએ ફાતિહાની મહાન ફઝીલતો

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ ۙ﴿۱﴾ الرَّحۡمٰنِ
الرَّحِیۡمِ ۙ﴿۲﴾ مٰلِکِ یَوۡمِ الدِّیۡنِ ؕ﴿۳﴾
اِیَّاکَ نَعۡبُدُ وَ اِیَّاکَ نَسۡتَعِیۡنُ ؕ﴿۴﴾
اِہۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِیۡمَ ۙ﴿۵﴾ صِرَاطَ
الَّذِیۡنَ اَنۡعَمۡتَ عَلَیۡہِمۡ ۙ۬ غَیۡرِ الۡمَغۡضُوۡبِ
عَلَیۡہِمۡ وَ لَا الضَّآلِّیۡنَ ﴿۷﴾ (اٰمِیۡنَ) (الفاتحہ)

અર્થ : અલ્લાહના નામથી (શરૂ કરું છું) જે ઘણો મહેરબાન (અને) રહમવાળો છે.સઘળાં વખાણો અલ્લાહ માટે છે,જે તમામ જગતોનો

પાલનહાર છે, જે ઘણો મહેરબાન (અને) રહમવાળો છે, કિયામતના દિવસનો માલિક છે. (હે અલ્લાહ !) અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ. તું અમને સીધો માર્ગ બતાવ, તે લોકોનો માર્ગ જેમના પર તેં કૃપા કરી. તેવાઓનો માર્ગ નહિ, જેમના પર તું ગુસ્સે થયો અને ન તો ગુમરાહોનો માર્ગ. (આમીન.)

(૧) એક વખત સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) પઢવાનો સવાબ બે તૃતીયાંશ કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે. *(હદીસ)*

(૨) ત્રણ વખત સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ..) પઢવાનો સવાબ બે વખત કુર્આન શરીફ પઢવા બરાબર (સવાબ મળે) છે.

(તફસીરે મઝહરી ભાગ–૨ પાન નં. ૧૫)

(૩) હઝરત અબૂ સઈદ બિન મુઅલ્લા (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક સહાબીથી ફરમાવ્યું, ''હું તમને એક સૂરત શીખવાડું છું, જે સવાબમાં કુર્આનની બધી સૂરતોથી મોટી છે. ત્યાર પછી તેમણે સૂરએ ફાતિહાની તાલીમ આપી.

(બુખારી શરીફ)

(૪) હઝરત ઉબય બિન કઅબ (રદિ.)થી જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''અલ્લાહની કસમ ! સૂરએ ફાતિહા જેવી સૂરત ન તો તવરૈતમાં નાઝિલ થઈ, ન તો ઝબૂરમાં નાઝિલ થઈ, ન તો ઈન્જીલમાં નાઝિલ થઈ અને ન તો કુર્આનમાં બીજી કોઈ સૂરત એના જેવી નાઝિલ થઈ. *(તિરમિઝી શરીફ)*

(૫) હઝરત અનસ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''સૂરએ ફાતિહા આખા કુર્આનમાં સવાબ અને અજરની રૂએ અફઝલ છે.'' *(ઈબ્ને હિબ્બાન)*

(૬) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે શયતાન ત્રણ મોકાઓ પર જેટલું રડયો એટલું કયારેય રડયો નથી :

૧. જ્યારે મલ્ઉન ઠરાવી આકાશમાંથી કાઢી મૂકવામાં આવ્યો ત્યારે.

૨. જ્યારે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પેદાઈશ થઈ ત્યારે અને

૩. સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ....)નું ઉતરાણ થયું ત્યારે.

(ગુન્યતુત્તાલિબીન, શમ્સુલ્મઆરિફ, દારુલ ઉલૂમ ડિસેમ્બર ૧૯૯૦ પાન નં. ૧૩)

(૭) એક વેળા હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે અલ્લાહપાકે મને ૮૦ જેટલી ફઝીલતો તથા મરતબા આપ્યા છે. આટલી બધી ઈઝઝત મારા સિવાય બીજા કોઈ પયગમ્બરને આપવામાં આવી નથી. હું બેઠો હતો એવામાં હઝરત જિબ્રઈલ (અલૈ.) પધાર્યા. ફરમાવવા લાગ્યા કે હે અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! અલ્લાહપાક ફરમાવે છે કે મેં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર અમારી મુકદ્દસ કિતાબ 'કુર્આને પાક' ઉતાર્યું. એમાં એક સૂરહ એવી છે કે જો તે તૌરેતમાં હોત તો હઝરત મૂસા (અલૈ.)ની ઉમ્મતમાં કોઈ પણ કાફિર ન રહેત. બધા જ મુઅમિન બની જાત. જો આ સૂરહ ઈન્જીલમાં હોત તો કોઈ પણ તેનો મુખાલિફ તથા મુનાફિક ન હોત. જો આ સૂરહ ઝબૂરમાં હોત તો હઝરત દાઉદ (અલૈ.)ની ઉમ્મતમાં કોઈ પણ માણસ આતિશ પરસ્ત–અગ્નિપૂજક ન હોત ! તે સૂરહ સૂરએ ફાતિહા છે. સૂરએ ફાતિહા કલામે મજીદમાં એટલા માટે નાઝિલ કરવામાં આવી કે તેની બરકતથી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમ્મત કિયામત સુધી દોઝખની આગ તથા ભયંકરતા–હોલનાકીઓથી બચેલી રહે અને આ સૂરત પઢી અલ્લાહના બંદા સફળતા મેળવતા રહે !

હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! અલ્લાહપાકે સચ્ચાઈ તથા દોસ્તી સાથે આપને મબ્ઉસ ફરમાવ્યા. જો બધા જ દરિયાને શાહી બનાવી દેવામાં આવે, બધા જ ઝાડને કલમ બનાવી દેવામાં આવે અને સાતે ય આકાશ તથા જમીનને કાગળ બનાવી દેવામાં આવે. એ પછી દુનિયા નાશ પામે ત્યાં સુધી સૂરએ ફાતિહાની ફઝીલત લખવામાં આવે તો પણ તે પૂરી કરવી અશકય છે.

આ મુબારક સૂરતમાં ૭ હર્ફ નથી. ''સે'' નથી, કારણ કે તે સુબૂરો–

હલાકતનો હર્ફ છે. સૂરએ ફાતિહા પઢનારાઓને સુબૂરો–હલાકતથી પાલો પડશે નહીં. 'જીમ'નથી, કારણ કે તે 'જહન્નમ'નો પહેલો હર્ફ છે. સૂરએ ફાતિહા પઢતો રહેનાર જહન્નમમાં જશે નહીં. 'ઝે' પણ નથી. સૂરએ ફાતિહા પઢનાર ઝક્કુમથી બચેલો રહેશે, ઝક્કુમ થોર જેવો ઝેરીલો તથા કડવો ખોરાક જહન્નમી–દોઝખીઓને ખવડાવવામાં આવશે. 'શીન' નથી, કારણ કે સૂરએ ફાતિહા પઢનાર શકાવત–બદબખ્તી–હલાકતમાં સપડાશે નહીં. 'ઝોય' નથી, કારણ કે સૂરએ ફાતિહાનો વિર્દ કરનારને કબ્રની તારીકી–અંધકાર ઘેરશે નહીં. 'ફે' પણ નથી, કારણ કે સૂરએ ફાતિહા પઢતો રહેનાર અલ્લાહના ફિરાક–વિયોગથી પીડાશે નહીં. સાતમો હર્ફ 'ખે' પણ સૂરએ ફાતિહામાં નથી, કારણ કે તેને પઢનાર દુનિયામાં બેઆબરૂ–જલીલ થશે નહીં.

પીરો–મુર્શિદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)એ ફરમાવ્યું કે સૂરએ ફાતિહામાં સાત આયતો છે. હઝરત ઈમામ નાસિર બસ્તી (રહ.)એ લખ્યું છે કે આ સૂરતમાં સાત આયતો છે. માણસના શરીરના ય સાત જેટલા ભાગ છે. જે કોઈ બંદો આ આયત પઢતો રહેશે તેના શરીરના સાતે ય ભાગને અલ્લાહ તઆલા સાત દોઝખની આગ તથા અઝાબથી મહફુઝ–સુરક્ષિત રાખશે.

મશાઈખે તબકાત અને અહલે સુલૂકવાળાઓ લખે છે કે અલ્લાહ તઆલાએ આ સૂરતમાં ૧૨૪ જેટલા હુરૂફ મૂકયા છે. પયગમ્બરોની સંખ્યા ૧,૨૪,૦૦૦ (એક લાખ ચોવીસ હજાર) જેટલી છે. આ સૂરતમાં ૧,૨૪,૦૦૦ જેટલા અંબિયાઓના સવાબ જેટલો સવાબ સમાયલો છે. તેના દરેક હર્ફનો સવાબ ૧૦૦૦ જેટલો, એ હિસાબે ૧૨૪ હર્ફનો સવાબ ૧,૨૪,૦૦૦ જેટલો છે !

'اَلْحَمْدُ'માં પાંચ હર્ફ છે. નમાઝ પણ પાંચ વખતની ફર્ઝ કરવામાં આવી છે. જે બંદો આ પાંચ હર્ફ પઢતો રહેશે તે પાંચ વખતની નમાઝમાં રહી ગયેલી કમી–ખોટ તથા નુકસાનથી બચેલો રહેશે. તેની બરકતથી અલ્લાહ તઆલા આવી નમાઝ પણ કબૂલ કરી લેશે.

'لِلّٰهِ'માં ૩ હુરૂફ છે. અલ્હમ્દુના પાંચ હુરૂફોમાં આ ૩ હુરૂફ ઉમેરતાં તેની સંખ્યા ૮ની થાય છે. અલ્હમ્દુલિલ્લાહ પઢવાથી જન્નતના આઠ દરવાજા ઉઘડી જાય છે.

رَبِّ الْعٰلَمِیْنَ ۙ﴿۱﴾ માં ૧૦ હુરૂફ છે. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીનના કુલ ૧૮ જેટલા હુરૂફ થાય છે. અલ્લાહ પાકે ૧,૮૦,૦૦ જેટલા આલમ પેદા કર્યા છે. તેને પઢનાર એ આલમ જેટલો સવાબ મેળવશે.

الرَّحْمٰنِ માં ૬ હુરૂફ છે. આગલા ૧૮ હુરૂફ સાથે તે મેળવતાં ૨૪ જેટલા હુરૂફ થાય છે. અલ્લાહ તઆલાએ રાત–દિવસના ૨૪ કલાક બનાવ્યા છે. **અલ્હમ્દુ** થી **અર્રહમાન** સુધી પઢતાં ૨૪ કલાકોના ગુનાહ માફ થાય છે.

الرَّحِیْمِ ۙ﴿۲﴾ માં ૬ હુરૂફ છે. ત્યાં સુધી બધા મળીને ૩૦ હુરૂફ થાય છે. આ પઢનાર પુલસિરાતની ૩૦ હજાર જેટલા વરસોની મુસાફરી સરળતાથી પાર કરી જશે.

مٰلِکِ یَوْمِ الدِّیْنِ ؕ﴿۳﴾ ના ૧૨ હુરૂફ મેળવતાં ૪૨ હુરૂફ થાય છે. તેનો અર્થ એ છે કે ૧૨ મહિનાઓ સુધી અલ્લાહ તઆલાની યાદમાં મશગૂલ રહ્યા. ૧૨ મહિનાના ગુનાહ અલ્લાહ તઆલા માફ કરશે.

اِیَّاکَ نَعْبُدُ ના આઠ જેટલા હુરૂફ છે. અહીં સુધી કુલ ૫૦ હુરૂફ થાય છે. કિયામતનો દિવસ ૫૦,૦૦૦ જેટલા વરસોની બરાબર હશે. આ સૂરએ પાક પઢનાર માટે ૫૦ હજાર વરસની મુશ્કેલીઓ આસાન બની જશે.

وَ اِیَّاکَ نَسْتَعِیْنُ ؕ﴿۴﴾ માં ૧૧ હુરૂફ છે. પાછલા ૫૦ હુરૂફ મેળવતાં ૬૧ હુરૂફ થયા. અલ્લાહ પાકે આકાશ તથા જમીનમાં કુલ ૬૧ દરિયા પેદા કર્યા છે. આ સૂરહ પઢનારના નામ–એ આ'માલમાં ૬૧ દરિયાના પાણીના ટીપાં જેટલી નેકીઓ લખાશે અને એટલા જ ગુનાહ માફ કરાશે.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِیْمَ ۙ﴿۵﴾ ના ૧૬ હુરૂફ મેળવતાં ૮૦ હુરૂફ થયા. આ સૂરત પઢનારના નામ–એ આ'માલમાંથી ૮૦ જેટલા કોરડાની શિક્ષા રદ કરાશે. (શરાબ પીનાર માટે ૮૦ કોરડાની શિક્ષા વાજિબ છે.)

صِرَاطَ الَّذِیْنَ اَنْعَمْتَ عَلَیْهِمْ ۙ۬ غَیْرِ الْمَغْضُوْبِ عَلَیْهِمْ وَ لَا الضَّآلِّیْنَ ؑ﴿۷﴾

આમીન. આ ૪૪ જેટલા હુરૂફ છે. પાછલા ૮૦ હુરૂફ સાથે તે મેળવતાં કુલ ૧૨૪ હુરૂફ થયા. દરેક હર્ફ માટે ૧૦૦૦ જેટલો સવાબ છે. તે હિસાબે ૧,૨૪,૦૦૦ના જોડના કુલ સવાબ ગણતાં તમામ પયગમ્બરોની

કુલ સંખ્યા જેટલો થાય છે. આ સૂરતનો વિર્દ કરનાર આ બધા પયગમ્બરોની સંખ્યા જેટલો સવાબ મેળવશે !

પીરો મુર્શિદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)એ ફરમાવ્યું છે,

એક વેળા હું અને હઝરત શેખ ઉસ્માન હારૂની (રહ.) સાથે મુસાફરી કરી રહ્યા હતા. દજલા નદીના કિનારે પહોંચ્યા ત્યારે અમને ત્યાં કોઈ હોડી–નાવ મળી નહીં. નદી પાર કરવી જરૂરી હતું. હઝરત ઉસ્માન હારૂની (રહ.)એ મને ફરમાવ્યું કે આંખો બંધ કરી લો, આંખો બંધ કરી પાણીમાં પગ મૂકતાં જ અમો સામેના કિનારે પહોંચી ગયા. મેં આંખો ઉઘાડી હઝરતને આટલી સરળતાથી નદી પાર કરી જવાનું કારણ પૂછયું. હઝરતે મને ફરમાવ્યું કે મેં પાંચ વખત સૂરએ ફાતિહા પઢી, જેના કારણે આ મુશ્કેલ કામ આસાન બની ગયું, જે કોઈ બંદો આ સૂરત પઢતો રહેશે તો તેના મુશ્કેલ કામ અલ્લાહ પાક આસાન ફરમાવશે, આમીન. *(દલીલુલ આરિફીન)*

(સૌજન્ય : ''દારુલ ઉલૂમ'' માસિક, એપ્રિલ ૧૯૯૧)

[**નોંધ :** આગળની કિતાબ ''શવકે આખિરત'' અને પરચામાં ભૂલથી હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)ના નામની જગ્યાએ ભૂલથી હઝરત (મવ.) અશરફઅલી થાનવી (રહ.)નું નામ લખાય ગયું હતું. અલ્લાહ તઆલા છપાવનારની આ ભૂલને માફ કરે. સહીહ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)નું નામ છે.]

[3]

સૂરએ બકરહની ફઝીલતો

(૧) સૂરએ બકરહ પઢનારને જન્નતમાં તાજ પહેરાવવામાં આવશે. *(બયહકી)*

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે દરેક વસ્તુની એક ટોચ હોય છે.

કુર્આન શરીફની ટોચ સૂરએ બકરહ છે. જાણે કે એ કુર્આન શરીફની ''ખૂંધ'' છે. *(તિરમિઝી શરીફ, ઈબ્ને હિબ્બાન)*

(૩) હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, ''સૂરએ બકરહ અને સૂરએ આલિ ઈમરાન'' પઢયા કરો. એ બંને સૂરતો કિયામતના દિવસે પઢનારા તરફથી ઝઘડો કરશે. એ સૂરતોને પઢવું અને યાદ કરવું બરકત છે. એને છોડી દેવું પસ્તાવો છે. જાદૂગરોની અસર એ બંને સૂરતો પઢનાર પર થઇ શકતી નથી. ખરેખર, એ બંને સૂરતો બે ચળકતી વસ્તુઓ છે. એમનાં પઢનારાઓ પર કિયામતનાં દિવસે છાયા કરશે. જાણે કે વાદળોનાં બે ટોળાં અથવા પક્ષીઓનાં બે ટોળાં. *(મુસ્લિમ શરીફ, અહમદ)*

[૪]
આયતુલ કુર્સીની ફઝીલતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَيُّ الْقَيُّوْمُ ۚ
لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِي
السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ مَنْ ذَا
الَّذِيْ يَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا
بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ ۚ وَلَا
يُحِيْطُوْنَ بِشَيْءٍ مِّنْ عِلْمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ

وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ
وَلَا يَـُٔوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ
الْعَظِيْمُ ﴿٢٥٥﴾ (البقرہ۲:۲۵۵)

(**અર્થ :** અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ મા'બૂદ નથી. તે સજીવ અને હંમેશા કાયમ રહેનાર છે. તેને ઝોકું કે ઊંઘ આવતી નથી. આકાશો અને પૃથ્વીમાં જે કાંઈ છે તે એનું જ છે. એવો કોણ છે જે તેની પરવાનગી વિના તેની પાસે કોઈની ભલામણ કરી શકે ? તે લોકોની આગલી અને પાછલી હાલતોને જાણે છે અને સૌ મળીને પણ તેના ઈલ્મમાંથી કોઈ ચીઝને પહોંચી (જાણી) શકતા નથી, પરંતુ જેટલું તે (જાહેર કરવા) ચાહે. તેની કુર્સી, આકાશો તથા પૃથ્વીથી વિશાળ છે અને તેના માટે એ બન્નેનું રક્ષણ કાંઈ ભારે નથી અને તે જ સર્વોપરી (અને) મહત્તાવાળો છે.)

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો :

''દરેક ચીઝની કોઈ બુલંદી (ટોચ) હોય છે. કુર્આનની ટોચ (શિખર) સૂરએ ''બકરહ'' છે અને એમાં એક આયત કુર્આની આયતોની જાણે સરદાર છે. તે આયત ''આયતુલ કુર્સી'' છે.'' *(તિરમિઝી શરીફ)*

(૨) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી ''આયતુલ કુર્સી'' પઢશે તો એને જન્નતમાં દાખલ થવાથી મૌત સિવાય કોઈ ચીઝ રોકી શકતી નથી. અર્થાત્ તેના અને જન્નતનાં દરમ્યાન માત્ર મૌત જ આડરૂપ હશે. (મરતાવેંત તે જન્નતમાં દાખલ થઈ જશે.)

(નસાઈ, ઈબ્ને હિબ્બાન, અલ અહાદીસુસ્સહીહા–૯૬૮)

(૩) જે માણસ રાતે સૂતી વખતે આયતુલ કુર્સી પઢશે તો રાતભર શયતાન તેની પાસે આવશે નહિ. *(મુસ્લિમ શરીફ)*

(૪) રાતે સૂતી વખતે આયતુલ કુર્સી પઢનાર માટે અલ્લાહ તઆલા તરફથી એક મુહાફિઝ યા સુરક્ષક ફરિશ્તો નિયુક્ત રહેશે અને તેની પાસે શયતાન આવશે નહિ. *(બુખારી શરીફ)*

(૫) હઝરત ઉબય ઈબ્ને કઅબ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''અલ્લાહની કસમ ! આયતુલ કુર્સીની એક જીભ છે અને બે હોઠ છે.''

એ અર્શની પાસે અલ્લાહ તઆલાની પાકી બયાન કરી રહી છે. એ સર્વે આયતોની સરદાર છે. *(અહમદ, ઈબ્ને અબી શયબા)*

(૬) હઝરત અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''આયતુલ કુર્સી જે ઘરમાં પઢવામાં આવે છે તે ઘરમાંથી શયતાન નાસી જાય છે.'' *(હાકિમ)*

(૭) ચાર વખત આયતુલ કુર્સી પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર(નો સવાબ) છે. *(તફસીરે મવાહિબુર્રહમાન ભાગ–૧ પાન નં.૧૧)*

[૫]

સૂરએ બકરહની છેલ્લી બે આયતોની મહાન ફઝીલત :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ
وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ

وَرُسُلِهٖ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ
رُّسُلِهٖ ۚ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۗ
غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿٢٨٥﴾ لَا
يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا
كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا
تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا
وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى
الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا
لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا ۥ وقفة وَاغْفِرْ لَنَا ۥ وقفة
وَارْحَمْنَا ۥ وقفة اَنْتَ مَوْلٰىنَا فَانْصُرْنَا عَلَى
الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٨٦﴾ (البقرہ۲:۲۸۶)

[**અર્થ :** રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તે ચીઝ (ફરમાન) પર ઈમાન ધરાવે છે કે જે આપના પરવરદિગાર તરફથી આપની ઉપર નાઝિલ કરવામાં આવી છે અને તમામ મુસલમાનો પણ (તેના પર ઈમાન ધરાવે છે). દરેકે દરેક અલ્લાહ તઆલાને અને તેના ફરિશ્તાઓને અને તેની કિતાબોને તથા તેના રસૂલોને માને છે. (અને તેઓ) કહે છે કે અમે તેના

રસૂલોમાંથી કોઈમાં પણ ફરક અને ભેદ કરતા નથી અને તેમણે સૌએ કહ્યું કે અમે (તારું ફરમાન) સાંભળ્યું અને તેને ખૂશીથી માની લીધું. હે અમારા પરવરદિગાર ! અમે તારી બખશિશ ચાહીએ છીએ અને તારી જ તરફ અમારે બધાંએ પાછા ફરવાનું છે. અલ્લાહ તઆલા કોઈને પણ તેના ગજા ઉપરાંતની તકલીફ કે બોજ આપતો નથી. તેણે જે (સારી) કમાઈ કરી તો તેનો સવાબ તેના જ માટે છે અને તેણે જે (બુરી) કમાઈ કરી તો તેની સજા તેને જ ભોગવવી પડશે. હે અમારા પાલનહાર ! જો અમે ભૂલી જઈએ યા ભૂલચૂક કરીએ તો તું અમારી પકડ ફરમાવજે નહિ. હે અમારા પાલનહાર ! અમારા પર કોઈ સખત હુકમ મોકલજે નહિ, જેવી રીતે કે તેં અમારી પહેલાંના લોકો પર તેં સખત હુકમ મોકલ્યા હતા. હે અમારા પાલનહાર ! અમારી ઉપર એવો બોજ નાખજે નહિ, જેને ઉપાડવાની અમારામાં શક્તિ નથી અને તું અમારાથી દરગુઝર ફરમાવ અને અમારી બખ્શિશ ફરમાવ અને અમારા પર રહમ ફરમાવ. તું જ અમારો માલિક છે તો કાફિરોના મુકાબલામાં અમારી મદદ ફરમાવ.]

(૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે એક દિવસ હઝરત જિબ્રઈલ (અલૈ.) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે તશરીફ રાખતા હતા. એ જ સમય દરમિયાનમાં ઉપરથી એક ભારે અવાજ સાંભળી. આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આકાશ તરફ માથું ઉઠાવ્યું અને ફરમાવ્યું કે આ આસમાનનો દરવાજો ખુલ્યો છે, જે આજથી પહેલાં કદી ખોલવામાં નથી આવ્યો. એમાંથી એક ફરિશ્તો ઊતર્યો. પછી ફરમાવ્યું કે આ ફરિશ્તો જમીન પર ઊતર્યો છે, જે આજથી પહેલાં કદી નથી ઊતર્યો. તે ફરિશ્તાએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સલામ કરી અને કહ્યું કે આપ ખૂશ થઈ જાઓ, એવાં બે (૨) નૂરને કારણે જે આપને અર્પણ કરવામાં આવ્યાં છે અને આપથી પહેલાં કદી કોઈ નબીને આપવામાં આવ્યાં નથી. એક, સૂરએ ફાતિહા અને બીજું, સૂરએ બકરહની અંતિમ આયતો (અર્થાત્ આમનર્રસૂલુ....થી સૂરહના અંત સુધી, જે ઉપર લખવામાં આવી છે.) ફરિશ્તાએ કહ્યું કે આ બંને નૂરમાંથી જે પણ ભાગ આપ પઢશો (જે દુઆ પર શામેલ છે) તો આપે માંગેલી અને આપે ઈચ્છેલી ચીઝ આપને જરૂર આપવામાં આવશે. *(મુસ્લિમ શરીફ)*

(૨) એક હદીસમાં ઈરશાદ છે કે જે કોઈ માણસ રાતે સૂરએ બકરહની

અંતિમ બે આયતો (આમનર્રસૂલુ...થી સૂરહના અંત સુધી) પઢી લે તો આ આયતો એના માટે કાફી થઈ જશે. *(બુખારી શ.–મુસ્લિમ શ.)*

મતલબ કે દરેક પ્રકારની બુરાઈ, નુકસાન અને કષ્ટદાયક ચીઝથી એને પઢવાને કારણે હિફાઝત થઈ જશે.

(૩) એક હદીસમાં ઈરશાદ છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : સૂરએ બકરહનો અંતિમ ભાગ અલ્લાહ તઆલાની રહમતના ખઝાનામાંથી છે અને તેના અર્શની નીચે જે ખઝાનાઓ છે, તેમાંથી છે. આ તે ઉમ્મતને અર્પણ કરાયો છે, જેણે દુનિયા અને આખિરતની કોઈ ખૈર એવી છોડી નથી, જેના પર એ શામેલ ન હોય. (એમાં દરેક ખૈર– ખૂબી, ભલાઈ, મદદ, રહમત અને મગફિરતનો સવાલ કરી લેવામાં આવ્યો છે.) *(મિશ્કાતુલ મસાબીહ, દારમી)*

(૪) એક અન્ય હદીસમાં ઈરશાદ છે કે બેશક, અલ્લાહ તઆલાએ સૂરએ બકરહને એવી બે આયતો પર ખતમ ફરમાવી છે, જે મને તે મખ્સૂસ ખઝાનામાંથી આપવામાં આવી છે, જે અર્શની નીચે છે, જેથી તમે પોતે પણ એમને શીખો અને પોતાની અવરતોને પણ શીખવાડો, કારણ કે આ સાંગોપાંગ રહમત છે અને અલ્લાહ તઆલાની નઝદીકીનો સબબ છે અને દુઆ છે. *(દારમી, મિશ્કાત શરીફ : ૧૮૯)*

(૫) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે સૂરએ બકરહની છેલ્લી બે આયતો રાતે પઢી લીધી તે સર્વે બાબતોથી ફારિગ થઈ ગયો.'' *(બુખારી, મુસ્લિમ શરીફ)*

(એટલે કે રાતની ઈબાદતો, આફતો અને શયતાન વગેરેથી.)

(૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''સૂરએ ફાતિહા અને સૂરએ બકરહની છેલ્લી બે આયતો ''આમનર્રસૂલુ....''થી લઈ છેવટ સુધી બે નૂર છે, જે મારા અગાઉ કોઈ પયગમ્બરને આપવામાં આવ્યા નથી. જો કોઈ એક અક્ષર પણ એ બંનેમાંથી પઢશે તો તેને એ નૂર મળશે. *(સહીહ મુસ્લિમ શરીફ)*

[૬]

જુમ્આના દિવસે સૂરએ કહફ પઢવાની મહાન ફઝીલત :

(૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''જે માણસ જુમ્આના દિવસે સૂરએ કહફ (૧૫ માં સિપારામાં) પઢશે તો પઢનારનાં પગથી લઈને આસમાન (આકાશ) સુધી કિયામતના દિવસે નૂર ચમકતા હશે અને બંને જુમ્અહના દરમિયાન જે ગુનાહો થયાં હશે તે માફ થઈ જશે.'' *(ઈબ્ને મઅરૂવીયહ)*

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

''જે માણસે જુમ્અહની રાતે (જુમેરાતે સૂરજ ડૂબવા પછી) સૂર–એ હામિમ દુખાન (૨૫ માં સિપારામાં) પઢી તો તેના માટે સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ ''ઈસ્તિગફાર'' પઢશે તો તેનાં સર્વે (બધાં જ) ગુનાહો માફ કરી દેવામાં આવશે. *(તિરમિઝી શરીફ)*

[૭]

فَلِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ
الْاَرْضِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٣٦﴾ وَلَهُ
الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۖ وَهُوَ
الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٣٧﴾ (الجاثیہ ٤٥:٣٦-٣٧)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

(શરૂ અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમકર્તા છે.)

[૮]

યાસીન શરીફની ફઝીલત

હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે યાસીન શરીફ કુર્આન મજીદનું દિલ છે. યાસીન શરીફની તિલાવતથી દસ વાર કુર્આન મજીદ પઢવાનો સવાબ મળે છે.

અલ્લાહ તઆલાએ આકાશો અને જમીન પેદા કરવાના એક હજાર વર્ષ અગાઉ **'સૂરએ યાસીન શરીફ'** અને **'સૂરએ તાહા'** ફરિશ્તાઓ સામે પઢી સંભળાવી. (યાસીન અને તાહા આ બંને હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક નામો છે.) અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અને પવિત્ર કુર્આનનું વર્ણન ફરિશ્તાઓ સામે કર્યું તો ફરિશ્તાઓ સાંભળીને કહેવા લાગ્યા કે જે ઉમ્મત પર આ સૂરતો ઉતરશે તેમજ જે એને દિલમાં યાદ કરી લેશે અને જે ઝબાનથી પઢશે તેઓ સર્વેના માટે મુબારકબાદી છે. *(મિશ્કાત શરીફ, પેજ : ૧૮૭)*

હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી (રદિ.)ને ફરમાવ્યું કે હે અલી (રદિ.) ! સૂરએ યાસીન શરીફને પઢતા રહો, એમાં દસ બરકતો છે :

(૧) ભૂખ્યો ભૂખ દૂર કરવા માટે પઢશે તો ભૂખ દૂર થશે.

(૨) તરસ્યો તરસ દૂર કરવા માટે પઢશે તો તરસ દૂર થશે.

(૩) લિબાસ વિહોણો માણસ પોશાક પ્રાપ્ત કરવાના ઈરાદે પઢશે તો અલ્લાહ તઆલા તેને પોશાક આપશે.

(૪) મર્દ અથવા ઔરત શાદી થવાના ઈરાદાથી પઢશે તો તેઓની ઇચ્છા પૂરી થશે.

(૫) બીકણ માણસ બીક (ડર–ખૌફ) દૂર કરવાના ઈરાદે પઢશે તો તેની બીક દૂર થશે.

(૬) બીમાર માણસ બીમારી દૂર કરવાના ઈરાદાથી પઢશે તો તેની બીમારી દૂર થશે.

(૭) કેદી કેદમાંથી છૂટવાના ઈરાદાથી પઢશે તો તેને છૂટકારો મળશે.

(૮) મુસાફિર સફરમાં પઢતો રહેશે તો તેનો સફર આસાન થશે.

(૯) ગમગીન માણસ પઢશે તો અલ્લાહ તઆલા તેનો ગમ દૂર કરશે.

(૧૦) જો કોઈ માણસ ખોવાયેલી વસ્તુ મળવાના ઈરાદાથી પઢશે તો તે ચીજ મળી જશે. *(બાગે આરિફ–૪૪૪)*

સૂરએ યાસીન શરીફના આટ આટલા મહાન ફાયદાઓ જોતાં દરરોજ સવારે અને સાંજે એક એકવાર પઢવી જ જોઈએ અને જો આ ન થઈ શકે તો દિવસમાં કમથી કમ એક વાર તો જરૂર પઢી જ લેવી. (અલ્લાહ તઆલા અમલની તૌફીક આપે, આમીન !)

(૧૧) હઝરત જુન્દુબ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે,

''જેણે કોઈ રાતે સૂરએ યાસીન અલ્લાહ માટે પઢી તો તે બખ્શાઈ ગયો.'' *(મુઅત્તા ઈમામ માલિક)*

(૧૨) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''જે માણસ કબ્રસ્તાને જાય અને 'સૂરએ યાસીન શરીફ' પઢે અને તેનો સવાબ મર્હૂમીનને બખ્શી આપે તો અલ્લાહ તઆલા તે દિવસે મુર્દાઓનાં અઝાબમાં ઘટાડો કરી આપશે અને પઢનારને તે કબ્રસ્તાનમાંના મુર્દાઓની સંખ્યા બરાબર નેકીઓ મળશે.'' *(તફ્તાવી....)*

[૯]

સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતોની ફઝીલત

સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો નીચે ટાંકવામાં આવી છે. પ્રથમ ત્રણવાર આ તઅવ્વુઝ પઢે :

اَعُوْذُ بِاللّٰهِ السَّمِیْعِ الْعَلِیْمِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ ط

પછી નીચેની આયતો એકવાર પઢે :

هُوَ اللّٰهُ الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَیْبِ
وَالشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِیْمُ ﴿۲۲﴾ هُوَ اللّٰهُ
الَّذِیْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ
الْمُؤْمِنُ الْمُهَیْمِنُ الْعَزِیْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ
سُبْحٰنَ اللّٰهِ عَمَّا یُشْرِكُوْنَ ﴿۲۳﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ
الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ یُسَبِّحُ
لَهٗ مَا فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِیْزُ
الْحَكِیْمُ ﴿۲۴﴾ (الحشر ۵۹:۲۲تا۲۴،پارہ ۲۸)

(**અર્થ :** હે અલ્લાહ ! જેના સિવાય કોઈ મા'બૂદ નથી, તે જ જાહેર અને છુપી વાતોને જાણનાર છે, તે કૃપાળુ અને દયાળુ છે. તે અલ્લાહ જેના સિવાય કોઈ મા'બૂદ નથી. તે જ બાદશાહ છે. પાક છે બધી એબોથી સલામત, અમન આપનાર, પનાહમાં લેનાર, ઝબરદસ્ત, મખ્લૂક ઉપર તાકાત ધરાવનાર, મોટાઈવાળો. અલ્લાહની ઝાત પાક છે તે ચીઝથી જેને લોકો શરીક ઠેરવે છે. તે અલ્લાહ વસ્તુઓ પેદા કરનાર, ખલકતને બનાવનાર, મખ્લૂકની સૂરત ખેંચનાર, તેના જ માટે સારા નામો છે. તસ્બીહ પઢે છે તેના માટે જે ચીઝ આસમાનમાં છે અને જે ચીઝ ઝમીનમાં છે અને તે જ મોટાઈવાળો અને હિકમતવાળો છે.)

ફઝીલત : હઝરત મઅકલ ઈબ્ને યસાર (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સવારે ત્રણ વાર ''અઊઝુ બિલ્લાહિસ્સમીઈલ અલીમિ મિનશ્શયતાનિર્રજીમ'' પઢશે, પછી સૂરએ હશ્રની છેલ્લી ત્રણ આયતો એક વાર પઢશે તો અલ્લાહ તઆલા તેના પર સિત્તેર હજાર ફરિશ્તા નિયુક્ત ફરમાવી દે છે, જે સાંજ સુધી એના માટે ઈસ્તિગફાર કરતા રહે છે અને જો તે આ દિવસે મૃત્યુ પામશે તો શહીદ મરશે અને જો કોઈ આ પ્રમાણે સાંજે પઢી લેશે તો તેને પણ આ જ દરજ્જો પ્રાપ્ત થશે. અર્થાત્ સિત્તેર હજાર ફરિશ્તા સવાર સુધી તેના માટે ઈસ્તિગફાર કરતા રહેશે અને જો તે આ રાતે મરણ પામશે તો શહીદ તરીકે મરણ પામશે. *(મિશ્કાત શરીફ : ૧૮૮)*

[૧૦]

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ الظُّلُمٰتِ وَالنُّوْرَ ۬ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ ①

هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ؕ وَاَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ۝ وَهُوَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝

(الانعام۶:۳،پارہ۷)

ફઝીલત : આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જે કોઈ ઉપરની ત્રણ આયતો સવારના સમયે પઢશે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા તેની હિફાઝત માટે મુકર્રર કરી આપશે અને સાતમા આસમાનથી એક ફરિશ્તો પોતાની સાથે લોખંડનો હથોડો લઈને ઉતરશે. જ્યારે પણ શયતાન તેના દિલમાં કોઈ બુરાઈ પેદા કરવા ઈચ્છશે તો તે હથોડાથી તેને મારશે, તેમજ પઢનાર અને શયતાન વચ્ચે સિત્તેર હજાર પડદા થઈ જશે. ઉપરાંત, કિયામતના દિવસે આ પઢનારને કોઈ હિસાબ કે અઝાબ થશે નહીં. *(રૂહુલ બયાન ભાગ–૩)*

[૧૧]

જે માણસ સૂરએ હદીદ, સૂરએ વાકિઅહ અને સૂરએ રહમાન પઢે છે તો તેનું નામ ''જન્નતુલ ફિરદૌસ''માં રહેવાવાળાઓમાં પુકારવામાં આવે છે.

(ફઝાઈલે કુર્આન, ફઝાઈલે આ'માલ)

[૧૨]

સૂરએ ''કદ્ર''ની ફઝીલત :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

اٰياتها ۵ | ۹۷ سُوْرَةُ الْقَدْرِ مَكِّيَّةٌ ۲۵ | رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ ۝۱ وَمَآ اَدْرٰىكَ
مَا لَيْلَةُ الْقَدْرِ ۝۲ لَيْلَةُ الْقَدْرِ ۙ خَيْرٌ مِّنْ
اَلْفِ شَهْرٍ ۝۳ تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ فِيْهَا
بِاِذْنِ رَبِّهِمْ ۚ مِنْ كُلِّ اَمْرٍ ۝۴ سَلٰمٌ ۛ هِيَ حَتّٰى
مَطْلَعِ الْفَجْرِ ۝۵ (القدر۹۷:۱تا۵، پاره۳۰)

સૂરએ કદ્ર મક્કી છે અને તેમાં પાંચ આયતો છે.

બેહદ કૃપાળુ, દયાળુ, અલ્લાહના નામથી
(શરૂ કરું છું.)

બેશક, અમે જ આ (કુર્આન)ને શબે કદ્રમાં ઉતાર્યું છે. (૧) અને તને કંઈ ખબર છે કે શબે કદ્ર કેવી છે ? (૨) શબે કદ્ર હઝાર માસથી બેહતર છે. (૩) તે રાત્રે ફરિશ્તા અને રૂહ (જિબ્રઈલ) પોતાના પરવરદિગારના હુકમથી દરેક (નિર્માણ થયેલાં) મહાન કામ લઈ (પૃથ્વી પર) ઉતરે છે. (૪) (તેમજ તે રાત્રે) સંપૂર્ણ સલામતી છે; તે (આખી) રાત પ્હો ફાટતાં સુધી (બરકતવાળી) છે.

(૧) ચાર વખત સૂરએ કદ્ર પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબરનો સવાબ મળે છે.

(દયલમી, મુસ્નદે અહમદનો હાશિયો, ભાગ—૧, પેજ—નં. ૨૮૨)

[૧૩]

સૂરએ ''ઈઝા ઝુલઝિલત''ની ફઝીલત :

ایاتها ۸ ۹۹ سورة الزلزال مدنية ۹۳ رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا ۙ﴿۱﴾ وَاَخْرَجَتِ
الْاَرْضُ اَثْقَالَهَا ۙ﴿۲﴾ وَقَالَ الْاِنْسَانُ مَا لَهَا ۚ﴿۳﴾
يَوْمَئِذٍ تُحَدِّثُ اَخْبَارَهَا ۙ﴿۴﴾ بِاَنَّ رَبَّكَ اَوْحٰى
لَهَا ۗ﴿۵﴾ يَوْمَئِذٍ يَّصْدُرُ النَّاسُ اَشْتَاتًا ۙ لِّيُرَوْا
اَعْمَالَهُمْ ۗ﴿۶﴾ فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا
يَّرَهٗ ۗ﴿۷﴾ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ۚ﴿۸﴾

(القدر۹۷:۱تا۵)

સૂરએ ઝિલઝાલ મક્કી છે અને તેમાં આઠ આયતો છે.

બેહદ કૃપાળુ, દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું.)

(૧) જ્યારે પૃથ્વીને તેના સખત આંચકાથી હલાવી નાખવામાં આવશે, અને પૃથ્વી પોતાના અંદરના બોજા બહાર કાઢી નાખશે. (૨) અને (આ

સ્થિતિ જોઈ) માનવી કહેશે કે એને શું થઈ ગયું છે ? (૩) તે દિવસે પૃથ્વી પોતાના સર્વે (સારા–નરસા) સમાચાર વર્ણન કરવા લાગશે. (૪) કારણ કે આપના પરવરદિગારનો તેને એ જ હુકમ હશે. (૫) તે દિવસે લોકો જુદાં જુદાં ટોળાં થઈ જશે કે જેથી તેમને તેમની કરણી (નો બદલો) દેખાડવામાં આવે. (૬) તો જે કોઈ (દુન્યામાં) જરા સરખી ભલાઈ કરશે તેને તે (પ્રત્યક્ષ) જોઈ લેશે. (૭) અને જે કોઈ જરા સરખી બુરાઈ કરશે તો તેને પણ તે જોઈ લેશે.

બે વખત સૂરએ ઝિલઝાલ પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર છે. *(તિરમિઝી શરીફ ભાગ–૨ પાના નં. ૧૭)*

[૧૪]

સૂરએ ''આદિયાત''ની ફઝીલત

اٰیاتها ۱۱ ۱۰۰ سُوْرَةُ الْعٰدِيٰتِ مَكِّيَّةٌ ۱۴ رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْعٰدِيٰتِ ضَبْحًا ۙ ﴿۱﴾ فَالْمُوْرِيٰتِ قَدْحًا ۙ ﴿۲﴾ فَالْمُغِيْرٰتِ
صُبْحًا ۙ ﴿۳﴾ فَاَثَرْنَ بِهٖ نَقْعًا ۙ ﴿۴﴾ فَوَسَطْنَ بِهٖ جَمْعًا ۙ ﴿۵﴾ اِنَّ
الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْدٌ ۚ ﴿۶﴾ وَاِنَّهٗ عَلٰى ذٰلِكَ لَشَهِيْدٌ ۚ ﴿۷﴾
وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ۗ ﴿۸﴾ اَفَلَا يَعْلَمُ اِذَا بُعْثِرَ مَا فِي

الْقُبُوْرِ ۙ﴿۹﴾ وَحُصِّلَ مَا فِي الصُّدُوْرِ ۙ﴿۱۰﴾
اِنَّ رَبَّهُمْ بِهِمْ يَوْمَئِذٍ لَّخَبِيْرٌ ﴿۱۱﴾ ع

(العٰدیٰت ۱۰۰:۱تا۱۱، پارہ۳۰)

સૂરએ આદિયાત મક્કી છે અને તેમાં અગિયાર આયતો છે.
બેહદ કૃપાળુ દયાળુ, અલ્લાહના નામથી (શરૂ કરું છું.)

(૧) તે ઘોડાઓના સોગંદ જે હાંફતાં હાંફતાં દોડે છે. ફરી (પત્થર પર) ટાપ મારી અગ્નિ ઝારે છે, (૨) ફરી પ્રભાતના વખતે છાપો મારે છે, (૩) ફરી તે વખતે ધૂળ ઉડાવે છે, (૪) પછી તે વખતે (શત્રુઓની) ફોજમાં ઘુસી જાય છે. (૫) બેશક, માણસ પોતાના પરવરદિગારનો અતિ નાશુક્રો છે. (૬) અને તેને પોતાને પણ એ બાબતની ખબર છે. (૭) અને તે ધનની માયામાં બહુ જ પાકો છે. (૮) શું તેને તે વખતની ખબર નથી કે જ્યારે કબરોમાંથી મુરદાઓને કાઢવામાં આવશે ? (૯) અને જે કંઈ દિલોમાં છે તેને જાહેર કરવામાં આવશે. (૧૦) બેશક, તે દિવસે પણ તેમના પરવરદિગારને તેમ (ના હાલ)ની સંપૂર્ણ ખબર હશે.

ફઝીલત : (૧) આ સૂરતને એક વખત પઢવાનો સવાબ છેલ્લા (પાછલા) પંદર (૧૫) સિપારા પઢવા બરાબર છે. *(તફસીરે ઈતકાન)*

(૨) બે વખત સૂરએ ''આદિયાત'' પઢવાથી એક કુર્આન શરીફ પઢવા બરાબરનો સવાબ મળે છે.

(તફસીરે મવાહિબુર્રહમાન ભાગ–૧ પાન નં. ૧૩)

[૧૫]
સૂરએ ''તકાસુર''ની ફઝીલત

اٰیاتها ٨ | (١٠٢) سُوْرَةُ التَّكَاثُرِ مَكِّيَّةٌ (١٦) | رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

أَلْهٰىكُمُ التَّكَاثُرُ ۙ ﴿١﴾ حَتّٰى زُرْتُمُ الْمَقَابِرَ ؕ ﴿٢﴾ كَلَّا سَوْفَ
تَعْلَمُوْنَ ۙ ﴿٣﴾ ثُمَّ كَلَّا سَوْفَ تَعْلَمُوْنَ ؕ ﴿٤﴾ كَلَّا لَوْ تَعْلَمُوْنَ
عِلْمَ الْيَقِيْنِ ؕ ﴿٥﴾ لَتَرَوُنَّ الْجَحِيْمَ ۙ ﴿٦﴾ ثُمَّ لَتَرَوُنَّهَا عَيْنَ
الْيَقِيْنِ ۙ ﴿٧﴾ ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيْمِ ﴿٨﴾ ع

(التکاثر ١٠٢: ١ تا ٨، پاره ٣٠)

સૂરએ તકાસુર મક્કી છે અને તેમાં આઠ આયતો છે.
બેહદ કૃપાળુ, દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું.)

(૧) (માલના) વધારાનો લોભ તમને (આખિરતથી) ગફલતમાં રાખે છે, અહિંયા સુધી કે તમે કબ્રસ્તાનમાં પહોંચી જાઓ છો. (૨) પણ કંઈ નહિ, તમે બહુ જલ્દી (કબરમાં જતાં જ) જાણી લેશો. (૩) ફરી પણ કંઈ નહિ, તમે બહુ જલ્દી જાણી લેશો. (૪) કંઈ નહિ, જો તમે યકીની રીતે જાણી લેત (તો આમ ગફલતમાં ન પડત.) (૫) ખચીત્ તમે જહન્નમને અવશ્ય નિહાળશો, (૬) પછી તમે તેને યકીનની આંખે અવશ્ય જોઈ લેશો.

(૭) પછી તે દિવસે તમને સૌને (દુન્યાની) નેઅ્‌મતો વિષે જરૂર પૂછવામાં આવશે.

ફઝીલત : સૂરએ ''તકાસુર'' એક વખત પઢવાનો સવાબ ૧૦૦૦ (એક હજાર) આયતો પઢવા બરાબર છે. આ સૂરતનું કબ્રસ્તાનમાં પઢવું સુન્નત છે. *(બયહકી, મિશ્કાત શરીફ પેજ નં. ૧૯૦)*

[૧૬]

સૂરએ ''કાફિરૂન''ની ફઝીલત :

સૂરએ કાફિરૂન મક્કી છે અને તેમાં છ આયતો છે.

ایاتها ٦ — ١٠٩ سُوْرَةُ الْكٰفِرُوْنَ مَكِّيَّةٌ ١٨ — رکوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ ① لَآ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ ② وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ③ وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ ④ وَلَآ اَنْتُمْ
عٰبِدُوْنَ مَآ اَعْبُدُ ⑤ لَكُمْ دِيْنُكُمْ وَلِىَ دِيْنِ ⑥ (الكفرون ١٠٩: ١تا٦)

(**અર્થ :** બેહદ કૃપાળુ–દયાળુ અલ્લાહના નામથી શરૂ કરું છું)

અય મુહમ્મદ ! તમે કહો છો કે હે કાફિરો !

(૧) જે મૂર્તિઓને તમે પૂજો છો તેને હું નથી પૂજતો ! (૨) અને ન તમે તે અલ્લાહને પૂજો છો જેને હું પૂજું છું ! (૩) આજે મારે ન તે મૂર્તિઓને પૂજવી છે જેની તમે પૂજા કરો છો. (૪) અને ન તમે તે અલ્લાહને પૂજ્યો જેને હું પૂજું છું ! (૫) તમારા માટે તમારો માર્ગ અને મારા માટે મારો માર્ગ (રસ્તો) !

ફઝીલત : (૧) સૂરએ ''કાફિરૂન'' એક વખત પઢવાથી ચોથા ભાગનું કુર્આન શરીફ પઢવા બરાબર સવાબ મળે છે. *(તિરમિઝી શરીફ)*

(૨) સૂરએ ''કાફિરૂન'' ચાર વખત પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર (નો સવાબ મળે) છે.

(તિરમિઝી શરીફ, ભાગ–૨, પાના નં. ૧૧૭)

[૧૭]

સૂરએ ''ઈખ્લાસ''ની મહાન ફઝીલતો :

ایاتها ۴ | ۱۱۲ سُوْرَةُ الْاِخْلَاصِ مَكِّيَّةٌ ۲۲ | رکوعها ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝۱ اَللّٰهُ الصَّمَدُ ۝۲ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝۳

وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝۴ (الاخلاص ۱۱۲:۱ تا ۴، پارہ ۳۰)

કુલ હુવલ્લાહુ અહદ, અલ્લાહુસ્સમદ, લમ યલિદ્ વલમ યૂલદ, વલમ યકુલ્લહૂ કુફૂવન અહદ.

(**અર્થ :** હે નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ !) આપ ફરમાવી દો કે તે અલ્લાહ એક જ છે. અલ્લાહ સૌથી બેનિયાઝ છે અને સૌ તેના જ મોહતાજ છે. ન તેની કોઈ અવલાદ છે અને ન તે કોઈની અવલાદ છે અને તેના સમાન કોઈ જ નથી.)

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક માણસને ''કુલ હુવલ્લાહુ અહદ'' પઢતાં સાંભળી ફરમાવ્યું;

''એના પર વાજિબ થઈ ગઈ.'' કોઈએ પૂછયું, ''શું વાજિબ થઈ ગઈ ?'' તો જવાબમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ''જન્નત વાજિબ થઈ ગઈ.'' *(મુઅત્તા ઈમામ માલિક)*

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એકવાર ફરમાવ્યું, ''લોકો ! એકઠા થઈ જાવ, હું તમારી પાસે કુર્આનનો ત્રીજો ભાગ તિલાવત કરીશ.'' જ્યારે લોકો ભેગા થઈ ગયા તો તેમણે સૂરએ ''કુલ હુવલ્લાહુ અહદ'' પઢીને સંભળાવી અને ફરમાવ્યું કે એ કુર્આનનો ત્રીજો ભાગ છે. *(મુસ્લિમ શરીફ)*

(૩) હઝરત અબૂ દરદા (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''અલ્લાહ તઆલાએ કુર્આનના ત્રણ ભાગ કર્યા. એક ભાગ તેમાંથી ''કુલ હુવલ્લાહુ અહદ'' છે. *(મુસ્લિમ શરીફ)*

(૪) હઝરત અબૂ ઐયૂબ (રદિ.) જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે જેણે ''કુલ હુવલ્લાહુ અહદ'' પઢી તેણે કુર્આનનો ત્રીજો ભાગ પઢયો. *(મુસ્લિમ શરીફ)*

(૫) હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે એક સહાબી (રદિ.) નમાઝની દરેક રકાતમાં ''કુલ હુવલ્લાહુ અહદ'' પઢયા કરતા હતા. એમનાથી પૂછયું તો તેમણે કહ્યું, ''હું એ સૂરતને ચાહું છું.'' ફરમાવ્યું ''અલ્લાહ તઆલા પણ તમને ચાહે છે.'' *(બુખારી, મુસ્લિમ શરીફ)*

(૬) હઝરત આયશા (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે તેમણે ફરમાવ્યું, ''કુલ હુવલ્લાહુ અહદ''ની મુહબ્બત તમને જન્નતમાં દાખલ કરશે. *(તિરમિઝી શરીફ)*

(૭) હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રહમતે આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે ૨૦૦ વાર (બસ્સો વખત) ''કુલ હુવલ્લાહ'' પઢવાનો વજીફો કરી લીધો તો તેના ૫૦ (પચાસ) વરસના ગુનાહો માફ થઈ ગયા, પણ કર્ઝ નહિ. *(તિરમિઝી શરીફ)*

એક રિવાયતમાં ૧૦૦ વાર અને એક રિવાયતમાં ૫૦ વારનો પણ સવાબ લખાયો છે.

(૮) એ મુબારક સૂરહ એવી છે કે એને એક વખત પઢવાથી આખા કુર્આનના ૧/૩ (પોણું) પઢવા બરાબર સવાબ છે અને ત્રણ વખત પઢવાથી આખા કુર્આન પઢવા બરાબર સવાબ મળે છે અને દસ (૧૦) વખત પઢવાથી એક મહેલ જન્નતમાં તૈયાર થાય છે. એને હંમેશા પઢનાર ઈમાન ઉપર મરે છે. ટૂંકમાં એનો સવાબ બેહદ છે. *(વઝાઈફે અશરફિયહ)*

(૯) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તબૂકમાં હતા કે જિબ્રઈલ (અલૈ.) આવ્યા. એમની સાથે ૭૦ હજાર ફરિશ્તાઓ પણ હતા. હઝરત જિબ્રઈલ (અલૈ.) બોલ્યા, ''મુઆવિયહ બિન મઆવિયહ''ના જનાઝા પર હાજર થાઓ. જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બહાર નીકળ્યા. જિબ્રઈલ (અલૈ.)એ પોતાની પાંખ પહાડ પર રાખીને તેઓ ઝૂકી ગયા. જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મદીના જોયું ને ફરિશ્તાઓની સાથે મુઆવિયહ (રદિ.)ના જનાઝાની નમાઝ પઢી. ફરી પૂછયું હે જિબ્રઈલ (અલૈ.) ! મુઆવિયહ એ મરતબે કઈ રીતે પહોંચ્યા ?

જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું ''કુલ હુવલ્લાહુ અહદ''ને ઊભા કે બેસીને, સવારી પર કે પગપાળા દરેક હાલતમાં પઢવાથી.

(વઝાઈફે અશરફિયહ)

(૧૦) જો કોઈ ઘરમાં જતી વેળા એ સૂરત પઢશે તો તંગી દૂર થઈ રોઝી બહોળી થશે, ઈન્શા અલ્લાહ. *(વઝાઈફે અશરફિયહ)*

(૧૧) જે માણસ મૌતની બીમારીમાં સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ) પઢશે તો કબ્રના હિસાબથી બચી જશે. ફરિશ્તાઓ એને પોતાની પાંખો ઉપર ઉઠાવી પુલ સિરાત પાર કરાવી દેશે ને તે જન્નતમાં જઈ પહોંચશે.

(ઈમામ જલાલુદ્દીન સુયૂતી (રહ.)ની કિતાબ નુરૂસ્સુદૂર ફી શર્હિલ કુબૂર)

(૧૨) સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ.....) સવાર–સાંજ પઢવાથી શક–વહેમ અને યકીન બગડવાથી સલામત રહેશે.

(વઝાઈફે અશરફિયહ)

(૧૩) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''જે માણસ કબ્રસ્તાને જઈ ૧૧ વખત સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ) પઢીને તેનો સવાબ મુર્દાઓને બખ્શી આપે તો તેને તે મુર્દાઓની સંખ્યા બરાબર સવાબ મળશે.

(સુનને દારે કુતની)

(૧૪) ત્રણ વખત સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહ શરીફ) પઢવાનો સવાબ એક કુર્આન શરીફ પઢવા બરાબર મળે છે.

(બુખારી શરીફ ભાગ–૨ પાન નં. ૭૫૦, મુસ્લિમ શરીફ ભાગ–૧ પેજ નં. ૨૭૧)

[૧૮]

સૂરએ ''ફલક''

સૂરએ ફલક મદની છે અને તેમાં પાંચ આયતો છે.

ایاتها ۵ ۱۱۳سُوۡرَةُ الۡفَلَقِ مَکِّیَّةٌ ۲۰ رکوعها ۱

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

قُلۡ اَعُوۡذُ بِرَبِّ الۡفَلَقِ ۙ﴿۱﴾ مِنۡ شَرِّ مَا خَلَقَ ۙ﴿۲﴾ وَ مِنۡ
شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۙ﴿۳﴾ وَ مِنۡ شَرِّ النَّفّٰثٰتِ فِی الۡعُقَدِ ۙ﴿۴﴾
وَ مِنۡ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ﴿۵﴾ (الفلق ۱۱۳:۱تا۵، پارہ۳۰)

બેહદ કૃપાળુ, દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું.)

(૧) (હે નબી !) આપ ફરમાવી દો કે પ્રભાતના માલિકનો આશરો લઉં

છું, દરેક વસ્તુની બુરાઈથી જે તેણે બનાવી છે. (૨) અને અંધારી રાતની બુરાઈથી, જ્યારે કે તે આવી જાય. (૩) અને (પઢી પઢીને દોરાની) ગાંઠો પર (જાદૂની) ફૂંક મારનારીઓની બુરાઈથી, (૪) અને ઈર્ષા કરનારની બુરાઈથી (આશરો લઉં છું) જ્યારે કે તે અદેખાઈ કરે.

(૧૯)

સૂરએ ''નાસ''

સૂરએ નાસ મદની છે અને તેમાં છ આયતો છે.

ایاتها ٦ | ١١٤ سُوْرَةُ النَّاسِ مَكِّيَّةٌ ٢١ | رُكُوعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾ مَلِكِ النَّاسِ ﴿٢﴾ اِلٰهِ
النَّاسِ ﴿٣﴾ مِنْ شَرِّ الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ﴿٤﴾ الَّذِيْ
يُوَسْوِسُ فِيْ صُدُوْرِ النَّاسِ ﴿٥﴾ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾

(الناس ١١٤: ١ تا ٦، پاره ٣٠)

બેહદ કૃપાળુ, દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું.)

(૧) (હે નબી!) આપ ફરમાવી દો કે હું લોકોના પરવરદિગાર, લોકોના બાદશાહ, (૨) લોકોના મઅ્બૂદનો આશરો લઉં છું. (૩) વસવસા નાખનાર, સંતાઈ જનાર (શયતાનની બુરાઈથી). (૪) જે લોકોના દિલોમાં વસવસા નાખે છે. (૫) (પછી તે વસવસો નાખનાર) જિન્નાતમાંથી હોય કે મનુષ્યોમાંથી.

''કુલ અઊઝુ બિરબ્બિલ ફલક'' અને ''કુલ અઊઝુ બિરબ્બિન્નાસ''ની ફઝીલતો :

(૧) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

''શું હું તમને એવી બે સૂરતો શીખવું કે જે ઉત્તમ છે ?'' ફરી તેમણે ''કુલ અઊઝુ બિરબ્બિલ ફલક અને કુલ અઊઝુ બિરબ્બિન્નાસ'' તેમને શીખવાડી ફરમાવ્યું કે,

''આજ સુધી કોઈએ એના જેવા શબ્દો સાથે પનાહ લીધી નથી.''

(અબૂ દાવૂદ શરીફ)

(૨) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

''જો તમારાથી બને તો એ સૂરતોને કોઈ નમાઝમાં છોડી ન દેશો.''

(ઈબ્ને હિબ્બાન)

(૩) આ બંને મુબારક સૂરતોને અસરની નમાઝ પઢવા પછી ૧૩ (તેર) વખત પઢવાથી કિયામતનો ખૌફ દિલમાં પેદા કરે છે. *(વઝાઈફે અશરફિય્યહ)*

ઉમ્મીદ છે કે દરેક મુસલમાન ભાઈ–બહેન દરરોજ તિલાવતે કુર્આને પાકને પઢવાનો મા'મૂલ (આદત) બનાવ્યા પછી સૂરતોના આ સંગ્રહને પણ પઢશે અને પોતાની આખિરત બનાવશે, (ઇન્શાઅલ્લાહ).

–ફકત અલ્લાહ પાક વધુ જાણનાર છે.

[૨૦]

દુઆએ ખત્મુલ કુર્આન

اَللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِىْ فِىْ قَبْرِىْ ط

اَللّٰهُمَّ ارْحَمْنِىْ بِالْقُرْاٰنِ الْعَظِيْمِ ط وَاجْعَلْهُ لِىْ اِمَامًا وَّنُوْرًا وَّهُدًى وَّ رَحْمَةً ط اَللّٰهُمَّ ذَكِّرْنِىْ مِنْهُ مَا نَسِيْتُ وَعَلِّمْنِىْ مِنْهُ مَا جَهِلْتُ وَارْزُقْنِىْ تِلَاوَتَهٗ اٰنَآءَ اللَّيْلِ وَاٰنَآءَ النَّهَارِ وَاجْعَلْهُ لِىْ حُجَّةً يَّا رَبَّ الْعٰلَمِيْنَ ط

[**અર્થ :** હે અલ્લાહ ! મારી કબરમાં મારી વ્યાકુળતાને દૂર કર. હે અલ્લાહ ! આ ગૌરવશાળી કુર્આનના વસીલાથી મારા પર રહમ કર અને કુર્આનને મારા માટે માર્ગદર્શક, નૂર, હિદાયત અને રહમત બનાવ. હે અલ્લાહ ! કુર્આન માંહે જે કંઈ હું વિસરી ગયો હોઉં તે મને યાદ અપાવ અને જેનાથી હું અજાણ છું તેનાથી સુજાણ કર તેમ જ રાત્રી–દિવસના સઘળા વખતોમાં મને એની તિલાવત નસીબ કર. વળી, કિયામતના દિવસે એને મારા માટે દલીલ બનાવ. હે જગતના પાલનહાર ! મારી આ દુઆ કબૂલ ફરમાવ.]

● ● ●

يَا حَىُّ يَا قَيُّوْمُ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ ط (نزهة المجالس)

✪ પ્રકરણ–૪ ✪

ઝિક્રે ઈલાહી

"તમે મને યાદ કરો, હું તમને યાદ કરીશ." *(કુર્આન શરીફ)*

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે "જ્યારે બંદો મારો ઝિક્ર કરે છે ને તેના બન્ને હોઠ મારી યાદથી હાલે છે તો હું એની નજીક હોઉં છું." *(ઈબ્ને માજહ)*

(૨) હઝરત મુઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

"ઝિક્રે ઈલાહીથી વધીને કોઈ વસ્તુ અઝાબે ઈલાહીથી છૂટકારો અપાવનાર નથી." *(તિરમિઝી શરીફ)*

(૩) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

"જે માણસ રાત્રીની ઈબાદત કરવા અને નાણા ખર્ચવા પર લાચાર હોય, દુશ્મનનો મુકાબલો કરવા જેટલી હિંમત ન રાખતો હોય તો એને જોઈએ કે અલ્લાહ તઆલાનો ઝિક્ર ખૂબ જ કર્યા કરે." *(તિરમિઝી શરીફ)*

(૪) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે ચાર વસ્તુઓ એવી છે, જેને મળી ગઈ તેને દીન અને દુન્યાની ભલાઈ મળી ગઈ :

૧. "ઝિક્ર કરનારી જીભ,"

૨. "શુક્રગુઝાર દિલ,"

૩. "સાબિર (સહનશીલ) શરીર" અને

૪. "નેક પત્ની" જે પોતાના માલ અને નફસમાં કોઈ ગુનોહ નથી કરતી. *(તબરાની)*

(૫) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે લોકો ઝિક્રે ઈલાહી પર ફિદા છે, કિયામતના દિવસે એ લોકો પર કંઈ બોજ ન હશે. તે બિલકુલ હલકાફુલકા હશે.'' *(તિરમિઝી શરીફ)*

(૬) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''કેટલાક લોકો પોતાની નરમ પથ્થરીઓ પર ઝિક્રે ઈલાહી કરે છે, અલ્લાહ તેમને જન્નતમાં ઊંચા દરજ્જામાં દાખલ કરશે.'' *(ઈબ્ને હિબ્બાન)*

મતલબ કે જે લોકો સારી હાલતમાં પણ ઝિક્રે ઈલાહીથી ગાફિલ રહેતા નથી તો અલ્લાહ તઆલા તેમને જન્નતમાં ઊંચો દરજ્જો આપશે.

તબરાનીમાં હઝરત જાબિર (રદિ.)થી પણ એ જ પ્રકારની રિવાયત આવી છે.

(૭) હઝરત અબૂઝર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''દરરોજ અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર ઈનામ વરસાવે છે. અલ્લાહ તઆલાના સૌથી મહાન ઈનામ એ છે કે બંદાને ઝિક્રે ઈલાહીની તૌફીક થઈ જાય.'' *(ઈબ્ને અબીદ્ દુન્યા)*

(૮) હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈર્શાદ છે કે, ''જે લોકો માત્ર ઝિક્રે ઈલાહી કરવા માટે એક જગ્યાએ ભેગા થાય છે તો મજલિસ પૂરી થતી વખતે આસમાનથી એક ફરિશ્તો ઊંચા અવાજે પોકારે છે કે હે ઝિક્રે ઈલાહી કરનારા ઊભા થઈ જાવ, તમારી મગફિરત કરવામાં આવી અને તમારા ગુનાહોને નેકીઓમાં બદલી દેવામાં આવ્યા.'' *(તબરાની, બયહકી)*

(૯) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પૂછયું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ઝિક્રે ઈલાહીની મજલિસોનો અજર અને સવાબ શું છે ? જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''ઝિક્રે ઈલાહીની મજલિસોનો અજર અને બદલો જન્નત છે.'' *(અહમદ)*

(૧૦) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, ''નમાઝી દરમિયાન ઝિક્રે ઈલાહી કરનાર તે મુજાહિદ જેવો છે કે જેના બધા સાથી મેદાને જિહાદમાંથી નાસી છૂટે અને તે દુશ્મનનાં મુકાબલામાં એકલો અડગતા–પૂર્વક ઊભો રહે.'' *(બઝઝાર, તબરાની)*

ખાસ ખાસ ઝિક્રો

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''કોઈ માણસ કોઈ એવી મજલિસમાં શામિલ થયો જ્યાં પ્રકાર–પ્રકારની વાતો થતી રહી અને ત્યાંથી ઊઠતી વેળા તેણે નીચેનાં શબ્દો પઢી લીધા તો એ મજલિસની સર્વે ખામીઓ માફ કરી દેવામાં આવે છે અને જો કોઈ ખતા થાય તો બખ્શી દેવામાં આવે છે. એ કલિમાઓ આ રહ્યા. *(તિરમિઝી શરીફ, ફઝાઈલે આ'માલ)*

સાર : મજલિસમાં જ્યારે લોકો એકઠા થાય છે તો જીભે કોઈ ને કોઈ બેમોકા વાત નીકળી જ જાય છે.

سُبْحَانَكَ اللّٰهُمَّ وَبِحَمْدِكَ اَشْهَدُ
اَنْ لَّآ اِلٰهَ اِلَّا اَنْتَ اَسْتَغْفِرُكَ
وَاَتُوْبُ اِلَيْكَ ط

(૧) સુબ્હાનકલ્લાહુમ્મ વબિહમ્દિ-ક અશ્હદુ અન લા ઈલા-હ ઈલ્લા અન્ત અસ્તગફિરૂક વ અતુબુ ઈલયક.

(**અર્થ :** યા અલ્લાહ ! તારી પાકી બયાન કરું છું અને તારા વખાણ કરું છું અને એ વાતની સાક્ષી (ગવાહી) આપું છું કે તારા સિવાય કોઈ

ઈબાદતને લાયક નથી. તારાથી માફી માંગુ છું અને તારાથી તૌબા કરું છું.) *(તિરમિઝી શરીફ)*

જે માણસે વુઝૂ કરી ઉપરોક્ત શબ્દો પઢયા તો એ શબ્દોને તેના નામ–એ આ'માલમાં એક કાગળ ઉપર લખી મહોર (સીલ) મારી દેવામાં આવે છે. કિયામત સુધી એ મહોર (સીલ) તોડવામાં આવતી નથી. એ કાગળ સલામત રહેશે. *(હાકિમ)*

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

(૨) (**"લા ઈલા-હ ઈલ્લલ્લાહ"**ની મહાન ફઝીલતો આગળ આવી ગઈ છે.)

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

(3) (**"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર"**ની મહાન ફઝીલતો પણ આગળ આવી ગઈ છે.)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ
لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِىْ
وَيُمِيْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى
كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط